# આત્મધર્મ

## વર્ષ ૨૯

## સળંગ અંક ૩૪૦

## Version History

| Version Number | Date | Changes |
| --- | --- | --- |
| 001 | Aug 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૦

## ❁ આવો ધર્મ ક્યાં છે? ❁

એક જિજ્ઞાસુએ પૂછયું—આત્માનો જે ધર્મ આપ બતાવો છો તે ધર્મ દુનિયામાં બીજે કયાંય હશે ખરો ?

—હા. સ્વર્ગમાં છે, નરકમાં છે, તિર્યંચમાં છે, મનુષ્યોમાં છે; ઊર્ધ્વલોકમાં છે, મધ્યલોકમાં છે, ને અધોલોકમાંય છે. સ્વર્ગમાં અસંખ્યાતા જીવોને આત્માનો આવો ધર્મ પ્રગટયો છે, નરકમાંય અસંખ્યાતા જીવો આવો ધર્મ સમજીને સમ્યગ્દર્શન પામ્યા છે, તિર્યંચમાંય અસંખ્યાતા જીવો આવો ધર્મ પામ્યા છે, ને મનુષ્યોમાં અબજો જીવો આવા ધર્મને ઓળખીને આરાધી રહ્યા છે. ત્રણે કાળે ત્રણેલોકમાં આ આત્માશ્રિત વીતરાગી ધર્મ જયવંત છે. જે કોઈ જીવો સિદ્ધપદ પામશે તેઓ આ ધર્મની આરાધનાવડે જ સિદ્ધપદને પામશે. માટે ભક્તિપૂર્વક આ ધર્મને ઓળખીને આરાધો.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર ❁ સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૮ માહ ( લવાજમઃ ચાર રૂપિયા ) વર્ષ ૨૯ઃ અંક ૪
શ્રી દિ.જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ : ૨૯ અંક ૪

વીર સં. ૨૪૯૮
માહ
JAN.1972

## ધન્ય ગુરુ!



અંતરમાં પરમાત્મતત્ત્વને સાક્ષાત્ ભેટીને નીકળતી વીતરાગી સંતોની વાણી પરમાત્માનો ભેટો કરાવે છે. સ્વાનુભવી ગુરુઓનો ઉપદેશ ઝીલતાં આત્મામાં આનંદરસનું ઝરણું ઝરે છે. અહા, ધન્ય ગુરુ! કે જેમણે આત્માની પૂર્ણ ચૈતન્યસંપદા બતાવીને આત્માને અનંત સિદ્ધ ભગવંતોની પંકિતમાં બેસાડી દીધો.

નિર્દોષ ગુરુનો વીતરાગી ઉપદેશ રાગથી ભિન્નતા કરાવીને મહા આનંદમય ચૈતન્યધામમાં પ્રવેશ કરાવે છે, ને રાગના સ્વાદથી તદ્દન જુદો એવો ચૈતન્યરસનો સ્વાદ ચખાડે છે.

અહા, ગુરુના ઉપદેશથી આનંદધામ આત્માને જેણે જાણી લીધો તેણે જિનેન્દ્રદેવના માર્ગને જાણ્યો; આત્મા તો મોટો શાંત વીતરાગરસનો દરિયો છે, તેની સન્મુખ થતાં જે શાંતિની અનુભૂતિ થઈ તે જ નિર્વાણનો માર્ગ છે, તે જ ભગવાન તીર્થંકરોનો માર્ગ છે, તે જ મહા આનંદનો માર્ગ છે. તે માર્ગે અમે જઈએ છીએ.

ધન્ય ગુરુ...ધન્ય માર્ગ!

## શૂરવીર મુનિભગવંતોએ આરાધેલી

# ઉત્તમ આરાધના

સમાધિમરણની તૈયારીવાળા ક્ષપકમુનિને રત્નત્રયની અખંડ આરાધનામાં ઉત્સાહિત કરવા, અને ઉપસર્ગ–પરિષહાદિથી રક્ષા કરવા, બીજા મુનિરાજ–આચાર્ય વીતરાગ ઉપદેશરૂપી બખ્તર પહેરાવે છે તેનું અદ્‌ભુત ભાવભીનું વર્ણન ભગવતી આરાધનાના ‘કવચઅધિકાર’ માં શિવકોટિ–આચાર્યદેવે કર્યું છે. તે ભાવભીના પ્રસંગનું વર્ણન વાંચતાં જાણે આરાધક મુનિવરોનો સમૂહ નજર સામે જ બેઠો હોય, ને મુનિરાજ આરાધનાના ઉપદેશની કોઈ અખંડ ધારા વહેવડાવી રહ્યા હોય એવી ઉર્મિઓ જાગે છે, ને એ આરાધક સાધુભગવંતો પ્રત્યે હૃદય નમી પડે છે; આરાધના પ્રત્યે અચિંત્ય બહુમાન અને મહિમા જાગે છે. પૂ. કાનજીસ્વામી પ્રવચનમાં અનેકવાર પરમ ભક્તિસહિત આ કવચઅધિકારનો ઉલ્લેખ કરીને મુનિવરોની શાંતઅનુભૂતિરૂપ અદ્‌ભુતદશાનું વર્ણન કરે છે ત્યારે મુમુક્ષુઓનાં તો રામાંચ ઉલ્લસી જાય છે, અને આરાધના પ્રત્યે તેમજ આરાધક જીવો પ્રત્યે પરમ ભક્તિસહિત, આત્મામાં પણ આરાધનાની શૂરવીરતા જાગી ઊઠે છે. એવા કવચઅધિકારમાં ૧૭૪ ગાથાઓ છે, તેના સારનું સંકલન અહીં આપવામાં આવ્યું છે. મુમુક્ષુ જીવો તેમાંથી આત્મિક–આરાધનાની ઉત્તમ પ્રેરણા મેળવો, ને મુનિભગવંતોની પરમ ભક્તિ કરો.

–હરિ.

# સમાધિમરણ-પ્રસંગે આરાધનામાં શૂરવીર મુનિવરો

## હે જીવ! વીરપુરુષોએ જે આરાધનાને આરાધી, તું પણ ઉત્સાહથી તેને આરાધ.

સમાધિમરણમાં સ્થિત મુનિરાજને આચાર્ય ઉપદેશ આપે છે કે હે ક્ષપકમુનિ! રત્નત્રયમાં અને ઉત્તમ ક્ષમાદિ ધર્મમાં સાવધાનપણે તમારા ચિત્તને લીન કરો. કેમકે અત્યારે આરાધનાના ઉત્સવનો મહાન અવસર છે. આચાર્યના આવા ઉલ્લાસ વચનોથી ક્ષપકમુનિનું ચિત્ત પ્રસન્ન અને ઉજ્વળ થાય છે. જેમ ઘણા કાળનો તરસ્યો મનુષ્ય અમૃતજળના પાનથી તૃપ્ત થાય તેમ આચાર્યના ઉપદેશરૂપી અમૃતના પાન વડે મુનિનું ચિત્ત આહ્લાદિત થાય છે; અને આચાર્ય પ્રત્યે વિનયથી નમ્રીભૂત થઈને કહે છે કે હે ભગવાન! આપે આપેલું સમ્યગ્જ્ઞાન મેં શિરોધાર્ય કર્યું છે; હવે જેમ આપની આજ્ઞા હોય તેમ હું પ્રવર્તન કરીશ. સમાધિમરણમાં હું જરાપણ શિથિલ નહીં થાઉં. આપના તથા સંઘના પ્રસાદથી મારો આત્મા જે રીતે આ સંસારસમુદ્રથી પાર થાય, અને આપ ગુરુજનોની ઉજવલ કીર્તિ જગતમાં વિખ્યાત થાય, તથા મારા હિત માટે વૈયાવૃત્યમાં ઉદ્યત સકલ સંઘનો પરિશ્રમ સફળ થાય––એ રીતે હું ઉજવળ નિર્દોષ આરાધનાને ગ્રહણ કરીશ.

––આ પ્રમાણે તે મુનિએ સમાધિમરણ માટે આરાધનામાં પોતાના પરિણામનો ઉત્સાહ અને પરમ શૂરવીરતા ગુરુ પાસે પ્રગટ કર્યાં.

અહો, ગણધર વગેરે વીરપુરુષોએ જે આરાધનાને આદરી અને વિષય–કષાયોમાં ડુબેલા કાયર પુરુષો મનથી જેનું ચિંતન કરવા પણ સમર્થ નથી, તે આરાધનાને હું આપના પ્રસાદથી આરાધીશ. હે ભગવાન! આપના ઉપદેશરૂપી આવા અમૃતનું આસ્વાદન કરીને કોઈ કાયર પુરુષ પણ ક્ષુધા–તૃષા કે મરણાદિકના ભયને પામતા નથી,–તો હું કેમ ભય પામુ? નહીં પામું–એ મારો નિશ્ચય છે. હે દેવ! આપના ચરણના અનુગ્રહરૂપ ગુણને લીધે મારી આરાધનામાં વિઘ્ન કરવા ઇન્દ્રાદિક દેવો પણ સમર્થ નથી; તોપછી આ ક્ષુધા–તૃષા–પરિશ્રમ–વાતપિત્તાદિ રોગ–ઇન્દ્રિયવિષયો કે કષાયો મારા ધ્યાનમાં શું બાધા કરશે?–કંઈ જ નહીં કરી શકે.

આરાધનામાં શૂરવીર એવા ક્ષપકમુનિરાજ વીરતાપૂર્વક શ્રીગુરુ પ્રત્યે કહે છે કે કદાચિત મેરૂગિરિપર્વત પોતાના સ્થાનથી ચલાયમાન થઈ જાય, કે પૃથ્વી ઊંધી થઈ જાય, તોપણ આપના જેવા ગુરુના ચરણપ્રસાદને લીધે હું કદી વિકૃતિ નહીં પામું,–આરાધનામાંથી નહીં ડગું.

—એ રીતે સમાધિમરણ માટે જાગૃત એવા તે ક્ષપકમુનિરાજ, પોતાની શક્તિને છૂપાવ્યા વગર વીરતાપૂર્વક કર્મને ખપાવે છે, તેમજ સમાધિ–મરણ કરાવનારા નિર્યાપક આચાર્ય પણ આળસ છોડીને ક્ષપકનું જ્ઞાન જાગૃત રહે તેમ નિરંતર પરમધર્મની આરાધનાનો ઉપદેશ આપે છે.

❀ ❀ ❀

સમાધિમરણમાં ઉત્સાહિતચિત્તવાળા તે ક્ષપકમુનિ કદાચિત પાપકર્મના ઉદયથી ક્ષુધા–તૃષા કે વેદના વગેરેની તીવ્ર પીડાવડે વ્યાકુળ થઈ જાય, પરિણામમાં શિથિલ થઈ જાય, ભોજન–પાણીને યાદ કરે, તો એવા પ્રસંગે કરુણાનિધાન આચાર્ય પોતે જરાપણ ધૈર્ય છોડયા વગર તે મુનિની ‘સારણા’ કરે એટલે કે તેના રત્નત્રયની રક્ષાનો ઉપાય કરે; જે રીતે તેના પરિણામ ઉજવળ થાય ને તેની ચેતના જાગૃત થાય તે રીતે તેને સંબોધન કરે.

ક્ષપકની સાવધાનીની પરીક્ષા કરવા માટે વારંવાર તેને પૂછે કે—‘હે આત્મ કલ્યાણના અર્થી! તમે કોણ છો? તમારું પદ કયું છે? તમે ક્યાં વસો છો? અમે કોણ છીએ?’ એમ પૂછતાં તે ક્ષપકમુનિની ચેતના જાગૃત થઈ જાય છે કે અરે! હું તો મુનિ છું; મેં પંચમહાવ્રત સહિત સંન્યાસ ધારણ કરેલ છે. હું અચેત થઈને અયોગ્ય આચરણ કરું તે મને શોભતું નથી. આ શિથિલ પરિણામ છોડીને રત્નત્રયધર્મના પાલનમાં મારે સાવધાન રહેવું યોગ્ય છે. આ આચાર્ય પરમઉપકાર કરનારા ગુરુ છે—તેઓ મને જાગૃત કરે છે; માટે હવે મારે સાવધાન થઈને રત્નત્રયના સેવનસહિત સમાધિમરણ કરવું ઉચિત છે.

એ પ્રમાણે ક્ષપકની ચેતના જાગૃત દેખીને આચાર્યભગવાન અત્યંત વાત્સલ્યભાવથી તેની આરાધનાની રક્ષા માટે ‘कवच’ કરે છે. कवच એટલે બખ્તર; જેમ યુદ્ધમાં કવચવડે ગમે તેવા પ્રહારથી પણ રક્ષા થાય છે તેમ તીવ્ર વેદના વગેરે ગમે તેવા પરિષહોની વચ્ચે પણ ઉલ્લસિત પરિણામ વડે સાધકના રત્નત્રયની રક્ષા થાય–તે માટે આચાર્ય મહારાજ તેને ઉત્તમ વૈરાગ્યથી ભરેલા આરાધનાના ઉપદેશરૂપી કવચ પહેરાવે છે.

આચાર્યના ઉપદેશ વડે સાવધાન થઈને તે મુનિ વિચારે કે અરે! મહાન અનર્થ છે કે, ત્રણલોકમાં દુર્લભ એવું સાધુપણું અંગીકાર કરીને પણ હું અત્યારે અકાળે ભોજન–પાનની ઇચ્છા કરું છું! અત્યારે આ સંન્યાસ સમયે તો મારે સમસ્ત આહાર–પાણીના ત્યાગનો અવસર છે. સમસ્ત સંઘની સાક્ષીથી મેં ચારે પ્રકારના આહારનો ત્યાગ કર્યો છે. અનંતાનંત કાળમાં સંલેખનામરણ જીવ કદી પામ્યો નથી, અત્યારે શ્રીગુરુના પ્રસાદથી તેની પ્રાપ્તિનો અવસર આવ્યો છે; અહા, સમસ્ત વિષયઅનુરાગ છોડીને પરમ વીતરાગતાનો આ અવસર છે; માટે અત્યારે મારે પરમસંયમમાં જાગૃતી વડે આત્મકલ્યાણમાં સાવધાન રહેવું.––આ પ્રમાણે તે સાધુ જાગૃત થઈને આરાધનામાં ઉત્સાહિત થાય છે.

હવે, કોઈ ક્ષપક સાધુ ક્ષુધા–તૃષા–રોગાદિની તીવ્ર વેદનાથી અસાવધાન કે શિથિલ થઈ જાય, અયોગ્ય વચન બોલે કે રૂદન કરે–તો આચાર્ય સ્નેહભરેલાં આનંદકારી વચનો વડે તેને સાવધાન કરે; પોતે કંટાળ્યા વગર શિથિલતા રહિત થઈને ક્ષપકની સાવધાની માટે દ્રઢ ઉપાય કરે; તેને કડવાં વચન ન કહે, તેનો તિરસ્કાર ન કરે, તેને ત્રાસ થાય કે તે નિરુત્સાહ થઈ જાય એવું કાંઈ ન કરે; પણ તેના પરિષહનું નિવારણ કરવા માટે, તે જાગૃત થઈને આરાધનામાં ઉત્સાહિત થાય એવો ઉપાય આદરપૂર્વક કરે.

જેમ રણક્ષેત્રમાં અભેદ્ય બખ્તર પહેરીને પ્રવેશ કરનાર સુભટ વેરીઓના બાણ વડે હણાતો નથી, તેમ આરાધનામાં સુભટ એવા જે સાધુ સંન્યાસના અવસરમાં કર્મોદય સામેના મહાસંગ્રામમાં ગુરુના ઉપદેશરૂપી અભેદ્ય બખ્તરને ધારણ કરે છે તે રોગાદિક તીવ્ર પીડારૂપ શસ્ત્રવડે પણ હણાતા નથી.

ક્ષપકને આરાધનામાં ઉત્સાહિત કરવા માટે, મહા બુદ્ધિમાનગુરુ ઉપદેશવચન કહે;–કેવાં વચન કહે? સ્નેહસહિત, કર્ણપ્રિય અને આનંદકારી વચન કહે–જે સાંભળતાં જ સર્વદુઃખ ભૂલાઈ જાય ને હૃદયમાં ઊતરી જાય. વળી ઊતાવળથી ન કહે પણ શાંતિ અને ધૈર્યથી કહેઃ સુંદર ચારિત્રધારક હે મુનિ! ચારિત્રમાં વિઘ્ન કરનાર એવા આ અલ્પ કે મહાન વ્યાધિની પ્રબળ વેદનાને તમે દીનતારહિત થઈને, અને મોહરહિત થઈને, ધૈર્યબળપૂર્વક જીતો. સમસ્ત ઉપસર્ગ–પરિષહને મન–વચન–કાયાથી જીતીને મરણસમયે ચારે પ્રકારની સમ્યક્આરાધનાના આરાધક રહો.

રોગાદિક વ્યાધિ અશુભકર્મના ઉદયથી આવે છે; તે વખતે દીન થઈને વર્તશો કે ધૈર્ય છોડી દેશો–તો તેથી કાંઈ તમારો ઉપદ્રવ દૂર થઈ જવાનો નથી. તમારા પોતાના પરિણામથી ઉપજાવેલું અશુભકર્મ દૂર કરવા કોઈ દેવ પણ સમર્થ નથી. માટે રોગાદિ પ્રતિકૂળતા આવતાં કાયરતા છોડી, મહાન ધૈર્યપૂર્વક, કલેશવગર ભોગવવું શ્રેષ્ઠ છે—જેથી આરાધનામાં ભંગ ન પડે, અને પૂર્વકર્મની નિર્જરા થાય તથા નવું કર્મ ન બંધાય.

હે ચારિત્રધારક! ચાર પ્રકારના સંઘની સમક્ષ તમે 'હું આરાધના ધારણ કરું છું' એવી મહાપ્રતિજ્ઞા લીધી હતી–તે શું તમે ભૂલી ગયા? તમારી તે પ્રતિજ્ઞાને તમે યાદ કરો. યુદ્ધનું આહ્વાન કરીને રણે ચડેલો શૂરવીર શું વેરીને દેખીને ભયથી ભાગતો હશે?–કદી નહીં. તેમ સર્વસંઘની સન્મુખ જેણે આરાધનાની દ્રઢપ્રતિજ્ઞા કરી છે એવા ઉત્તમ સાધુ પરિષહરૂપ વેરીને દેખીને મુનિધર્મથી કેમ ચલાયમાન થાય? વિષાદ કેમ કરે? કદી ન કરે. મરણ આવે તો ભલે આવે, પરંતુ શૂરવીર સાધુઓ આપદાની અત્યંત તીવ્ર વેદનાને પણ સમભાવપૂર્વક સહન કરે છે, પરિણામને વિકૃત થવા દેતા નથી; કાયરતા કે દીનતા કરતા નથી.

અહા, જિનેન્દ્રભગવાને આદરેલી આરાધનાને મેં ધારણ કરી છે, અનંતભવમાં દુર્લભ એવો સંયમ મને વીતરાગીગુરુઓના પ્રસાદથી પ્રાપ્ત થયો છે; તો હવે કંઈક રોગાદિજનિત ઉપસર્ગ આવ્યો છે તેમાં મરણ થાય તો ભલે થાય પણ આરાધના છોડવી યોગ્ય નથી. એકવાર મરવાનું તો છે જ–તો પછી ગુરુના પ્રસાદથી વ્રતસહિત મરણ થાય તેના જેવું બીજું કલ્યાણ કોઈ નથી. અરે! આવા અવસરમાં કાયર થઈ વ્રતાદિમાં શિથિલ થઈ વિલાપ કરવો કે તૂચ્છકાર્યવડે રોગાદિનો ઈલાજ ઇચ્છવો–તે તો લજ્જા અને દુર્ગતિનાં દુઃખનું કારણ છે;–તો એવું કોણ કરે? એક જીવનને માટે મુનિધર્મને કે સંઘને કલંક કોણ લગાડે? ગમે તેવી પ્રતિકૂળતા આવે–પણ શૂરવીર–પુરુષો આરાધનામાં પાછી પાની કરતા નથી, દીનતા કે કાયરતા કરતા નથી.

જેમ કોઈ પુરુષ ચારે તરફથી અગ્નિવડે દગ્ધ થતો હોવા છતાં, જાણે કે પાણીની વચ્ચે ઊભો હોય–એમ શાંત–નિરાકુળ રહે છે, તેમ ધીરવીર સાધુજનો અગ્નિ વચ્ચે પણ નિરાકુળપણે આરાધનામાં સ્થિર રહે છે. અરે, સ્વર્ગાદિ પરલોક સંબંધી ઇન્દ્રિયસુખોમાં લુબ્ધ અજ્ઞાનીઓ પણ ઇન્દ્રિયસુખની અભિલાષાથી સંસારવર્દ્ધક લેશ્યાપૂર્વક તીવ્રવેદના સહન કરે છે, તો જેમણે સમસ્ત સંસારને અત્યંત દુઃખરૂપ જાણ્યો છે અને જેઓ સંસારદુઃખથી છૂટીને મોક્ષસુખને સાધવામાં તત્પર છે એવા જૈનયતિઓ શું નિરાકુળપણે

વેદનામાં ધૈર્યધારણ નહીં કરે? કરશે જ. ગમે તેવો રોગ આવે તોપણ ઉત્તમ પુરુષો અયોગ્ય ઔષધ (કંદમૂળ વગેરેનું ભક્ષણ) કરતાં નથી. નાની–મોટી આપદા આવતાં જે વિષાદ કરે છે તેને વીરપુરુષો કાયર કહે છે. ધૈર્યવાન સત્પુરુષોનો તો એવો સ્વભાવ છે કે મહાન આપદા આવે તોપણ તેમના પરિણામ સમુદ્ર જેવા અક્ષોભ અને મેરુ જેવા અચલ રહે છે.

સમસ્ત પરિગ્રહ છોડીને જેણે પોતાના આત્માને આત્મસ્વરૂપમાં જ સ્થિર કર્યો છે અને શ્રુતજ્ઞાન જેમનું સાથીદાર છે–એવા કોઈ ઉત્તમ સાધુ, સિંહ–વાઘની દાઢ વચ્ચે પણ ઉત્તમાર્થ એવા રત્નત્રયને સાધે છે, કાયર બનીને શિથિલ થતા નથી.

(એવા ધીરવીર મુનિરાજનાં દૃષ્ટાંત કહે છે–)

- શિયાળીયાં વડે ત્રણ રાત સુધી ભક્ષણ કરવાથી જેના શરીરમાં ઘોર વેદના ઉપજી છે એવા, તે તત્કાળદીક્ષિત સુકુમારમુનિ ધ્યાનવડે આરાધનાને પામ્યા.
- ભગવાન સુકોશલ નામના મુનિ–કે જેમની માતાએ વાઘણ થઈને તેમનું ભક્ષણ કર્યું, તોપણ તેઓ ઉત્તમ અર્થને (એટલે કે રત્નત્રયના નિર્વાહને) પામ્યા.
- ચાળણીની જેમ ખીલા વડે દેહ વીંધાવા છતાં ભગવાન ગજકુમાર મુનિ ઉત્તમ અર્થને પામ્યા.
- હે મુનિ! દેખો, સનત્કુમાર નામના મહામુનિએ સેંકડો વર્ષ સુધી ખાજ–તાવ–તીવ્ર–ક્ષુધા–તૃષા, વમન, નેત્રપીડા અને ઉદરપીડા વગેરે અનેક રોગજનિત દુઃખોને ભોગવવા છતાં, સંકલેશ વગર સમ્યક્પણે સહન કરતા થકા ધૈર્યપૂર્વક રત્નત્રયધર્મનું પાલન કર્યું.
- એણીકપુત્ર નામના સાધુએ ગંગા નદીના પ્રવાહમાં તણાવા છતાં નિર્મોહપણે ચાર આરાધના પામીને સમાધિમરણ કર્યું, પણ કાયરતા ન કરી. માટે હે કલ્યાણના અર્થી સાધુ! તમારે પણ દુઃખમાં ધૈર્ય ધારણ કરીને આત્મહિતમાં સાવધાન રહેવું ઉચિત છે.
- ભદ્રબાહુ મુનિરાજ ઘોરતર ક્ષુધાવેદનાથી પીડિત થવા છતાં સંકલેશરહિત બુદ્ધિનું અવલંબન કરતા થકા, અલ્પાહાર નામના તપને ધારણ કરીને ઉત્તમસ્થાનને પામ્યા; પણ ભોજનની ઇચ્છા ન કરી.
- કોશાંબીનગરીમાં લલિતઘટાદિ બત્રીસ પ્રસિદ્ધ મહામુનિઓ નદીના પૂરમાં ડુબવા છતાં નિર્મોહપણે પ્રાયોપગમન સંન્યાસને ધારણ કરીને આરાધનાને પ્રાપ્ત થયા.

۞ ચંપાનગરીની બહાર ગંગાકિનારે ધર્મઘોષ નામના મહામુનિ એક મહિનાના ઉપવાસ ધારણ કરીને ઘોર તરસની વેદના છતાં સંકલેશરહિત ઉત્તમ અર્થને પામ્યા, આરાધનાસહિત સમાધિમરણ કર્યું; તરસની વેદનાથી પાણીની ઇચ્છા ન કરી, સંયમથી ન ડગ્યા, પણ ધૈર્ય ધારણ કરીને આત્મકલ્યાણ કર્યું.

۞ પૂર્વજન્મના વેરી દેવે વિક્રિયાવડે ઘોર શીતવેદના કરી તોપણ શ્રીદત્તમુનિ સંકલેશ વગર ઉત્તમસ્થાનને પામ્યા.

۞ વૃષભસેન નામના મુનિ ઉષ્ણપવન, ઉષ્ણ શિલાતલ તથા સૂર્યનો અત્યંત ઉષ્ણ આતાપ સંકલેશરહિત સહન કરીને ઉત્તમ–અર્થને પામ્યા.

۞ રોહેડગ નગરીમાં અગ્નિપુત્રને ક્રૌંચ નામના વેરીએ શક્તિઆયુધ વડે હણી નાંખ્યા તોપણ તે વેદનાને સહન કરીને તેઓ ઉત્તમ–અર્થને પામ્યા.

۞ કાકંદીનગરીમાં ચંડવેગ નામના વેરીએ અભયઘોષ મુનિના સર્વઅંગ છેદી નાંખ્યા, તે ઘોર વેદના પામીને પણ તેઓ ઉત્તમઅર્થ એવા રત્નત્રયને પામ્યા.

۞ વિદ્યુત્ચર–મુનિ ડાંશ–મચ્છરદ્વારા ભક્ષણની પરમઘોર વેદનાને સંકલેશરહિત સહન કરીને ઉત્તમઅર્થરૂપ આત્મકલ્યાણને પામ્યા.

۞ હસ્તિનાપુરના ગુરુદત્તમુનિ દ્રોણિમતિ ( દ્રોણગિરિ ) પર્વતપર, હાંડલાના અનાજની માફક દગ્ધ થવા છતાં ઉત્તમઅર્થને પામ્યા.

۞ ચિલાતપુત્ર નામના મુનિને કોઈ પૂર્વભવના વેરીએ તીક્ષ્ણ આયુધ વડે ઘાત્યા, તે ઘાવમાં મોટામોટા કીડા ચઢી આવ્યા અને તે કીડાઓ વડે તેમનું આખું શરીર ચાળણીની જેમ વીંધાઈ ગયું, તોપણ સંકલેશ વગર સમભાવથી વેદના સહન કરીને તેઓ ઉત્તમાર્થને પામ્યા.

۞ યમુનાવક્રનાં તીક્ષ્ણ બાણોવડે જેમનું શરીર વીંધાઈ ગયું છે એવા દંડમુનિરાજ ઘોર વેદનાને પણ સમભાવથી સહન કરીને ઉત્તમાર્થરૂપ આરાધનાને પામ્યા.

۞ કુંભકારનગરી વિષે ઘાણીયંત્રમાં પીલાવા છતાં અભિનંદનાદિક પાંચસો મુનિઓ સમભાવપૂર્વક આરાધનાને પામ્યા.

۞ સુબંધુ નામના વેરીએ ગૌશાળામાં આગ લગાડી તેમાં બળવા છતાં ચાણક્યમુનિરાજ પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરીને સંકલેશરહિત ઉત્તમઅર્થને પામ્યા.

۞ કુલાલ ગામના ઉદ્યાનમાં રિષ્ટામચ્ય નામના વેરીએ મુનિઓના રહેઠાણને આગ લગાડી, તેમાં દગ્ધ થવા છતાં મુનિઓની સભાસહિત વૃષભસેન મુનિરાજે આરાધના પ્રાપ્ત કરી.

—આ પ્રમાણે ઉપસર્ગાદિ વેદનાપ્રસંગે પણ આરાધનામાં અડગ રહેનારા અનેક શુરવીર મુનિવરોનું સ્મરણ કરાવીને, આચાર્યમહારાજ તે ક્ષપકમુનિને ઉત્સાહિત કરતાં કહે છે કે કે મુનિ! આટલા–આટલા મુનિવરોને તીવ્ર વેદનાની પીડા હતી, અસહાય એકાકી હતા, કોઈ ઈલાજ કરનાર કે વૈયાવૃત્ય કરનાર પણ ન હતું, છતાં કાયરપણું છોડી, વીરતાપૂર્વક પરમધૈર્ય ધારણ કરી તેઓ ઉત્તમ અર્થને પામ્યા, આરાધનાથી ડગ્યા નહીં; તોપછી તમને તો આ બધા મુનિઓ સહાયમાં છે, સર્વે સંઘ તમારા ઇલાજમાં અને વૈયાવૃત્યમાં તત્પર છે, તો તમે આરાધનામાં ઉત્સાહિત કેમ નહીં બનો?–કાયરપણું છોડો, ને વીરતાપૂર્વક આરાધનામાં ઉદ્યમી બનો. આરાધનાનો આ અવસર છે.

અહા, અનેક ઘોરાતિઘોર ઉપસર્ગ આવવા છતાં તે પ્રસિદ્ધ મુનિઓએ એકાકીપણે તે સહ્યાં પણ સામ્યભાવને ન છોડયો; પ્રાણરહિત થયા પણ આરાધનામાં શિથિલ ન થયા, ને આત્મકલ્યાણ કર્યું. તો હે મુનિ! તમને તો આચાર્ય વગેરે મહાન જ્ઞાની દયાવાન ધૈર્યવાન પરમહિતોપદેશ સંભળાવી રહ્યા છે, શરીરની વૈયાવૃત્ત્ય કરવામાં સાવધાન છે, અને યોગ્ય ઈલાજ કરવામાં તત્પર આખો સંઘ સહાયક છે, વળી એવો કોઈ તીવ્ર ઉપસર્ગાદિ પણ આવ્યો નથી, તો આવા અવસરમાં ઉત્તમ આરાધનામાં તમે કેમ ઢીલા થાવ છો? અત્યારે તો આત્માને ઉત્સાહિત કરવો યોગ્ય છે; માટે કાયરતા છોડો ને ધીરતા અંગીકાર કરો.

હે મુનિ! સમસ્ત સંઘની વચ્ચે જિનેન્દ્રદેવના અમૃતરૂપ મધુર વચનો તમારા કાને પડયા, તે સાંભળીને હવે તમે ઉત્તમ અર્થરૂપ ચાર આરાધનાને આરાધવા સમર્થ છો. જિનેન્દ્ર ભગવાનના વચનનું શ્રવણ તો અમૃત એટલે કે મોક્ષ, તેના આત્મિકસુખનો સાક્ષાત્ અનુભવ કરાવે છે અને મોક્ષ આપે છે; તેથી જિનવચન અમૃત જેવાં મીઠાં છે. આવા જિનવચન જેના કર્ણ દ્વારા હૃદયમાં પ્રવેશ કરે તે પુરુષ ચારે આરાધનારૂપે પરિણમવામાં અસમર્થ કેમ હોય?

અરે ક્ષપક! અહીં તમને એવું તે શું દુઃખ આવી પડયું છે કે જેથી શિથિલ થઈ જાવ છો? આ સંસારમાં પરિભ્રમણ કરતાં તમે નરકગતિ, તિર્યંચગતિ,

મનુષ્યગતિ તથા દેવગતિ વિષે જે દુઃખો ભોગવ્યાં–એને યાદ કરીને જરા વિચાર તો કરો? એવું કોઈ દુઃખ બાકી નથી રહ્યું કે જે તમે સંસારમાં ન ભોગવ્યું હોય! અનંતવાર અગ્નિમાં દગ્ધ થયા, અનંતવાર પાણીમાં ડુબી ગયા, અનંતવાર પર્વત ઉપરથી પડીને મર્યા, અનંતવાર શસ્ત્રોથી છેદાઈ ગયા, અનંતવાર ઘાણીમાં પીલાણા, અનંતવાર સિંહ વાઘ વડે ખવાયા, ચક્કીમાં પીસાયા, અગ્નિમાં રંધાયા,–એ બધું શું તમે ભૂલી ગયા? અનંતવાર ભૂખની તીવ્રવેદનાથી પ્રાણ છોડયા, અનંતવાર તરસથી મર્યા; ઠંડીથી, ગરમીથી, વરસાદથી, પવનથી, વિષભક્ષણથી અને તીવ્ર રોગની વેદનાથી અનંતવાર મરણ કર્યાં; ભયથી, શોકથી અનંતવાર મર્યા; પોતાની સ્ત્રી, પુત્ર, મિત્ર વગેરે બંધુજનો વડે પણ અનંતવાર મર્યા; તો હવે સમાધિના આ અવસરમાં મરણથી કે વેદનાથી ભયભીત થઈને રત્નત્રયને બગાડવા ઉચિત નથી. બહુ દુઃખોમાં અનંત કાળ વીતાવ્યો, તો અત્યારે આ જરાક વેદના આવતાં પરમ ધર્મમાં શિથિલ થવું ઉચિત નથી. માટે ઉત્સાહિત થઈને વીતરાગભાવે આરાધનામાં શૂરવીર બનો.

–આ પ્રકારના ઉપદેશરૂપી કવચવડે ક્ષપકમુનિને આરાધનામાં જાગૃત કરે છે. ક્ષપકમુનિ પણ સાવધાન થઈ, વેદનાને ભૂલીને, ચૈતન્યના વીતરાગી શાંતરસના વેદનમાં તત્પર થાય છે ને ઉત્તમ આરાધનામાં અચલ રહે છે.

હે મુનિ! નરકમાં પરવશપણે અસહ્ય ઠંડી–ગરમી અસંખ્યવર્ષો સુધી ભોગવી, તો આ મનુષ્ય–જન્મમાં આવેલી ઠંડી–ગરમી ધર્મના ધારક જીવે શું સ્વવશપણે સમભાવથી સહન કરવા યોગ્ય નથી? આ તો સમભાવથી પરિષહ સહન કરવાનો અવસર છે, માટે પરમ ધૈર્ય રાખો. ધૈર્યથી નહીં સહન કરો ને આકુળતા કરશો તોપણ કર્મો કાંઈ છોડવાના નથી. માટે થોડા કાળની અલ્પવેદનાથી કાયર થઈને ધર્મ ન બગાડો. નરકની વેદનાઓ પાસે આ વેદના શું હિસાબમાં છે—કે તમે કાયર થાવ છો? અરે, નરકમાં જ્યારે તાંબાનો ધગધગતો લાલચોળ રસ તમારું મોઢું ફાઢીને અંદર રેડયો તે વખતની વેદનાનો વિચાર તો કરો! તેની પાસે અત્યારની તરસ શું હિસાબમાં છે?–કે તમે પાણીને યાદ કરો છો? એને બદલે અંતરમાં નિર્વિકલ્પ ચૈતન્યરસને યાદ કરો...ચૈતન્યના આનંદરસના પાન વડે તમારી તૃષા છીપાવો. અનંતા દરિયા ભરાય એટલા પાણી પીવા છતાં જે તૃષા ન છીપી, તે તૃષાને ચૈતન્યરસના ઉપશાંત પીણાં વડે તૃપ્ત કરો.

રે જીવ! નરકગતિની માફક ચારેગતિમાં શરીર સંબંધી, મન સંબંધી, માન–અપમાન તથા ઇષ્ટવિયોગ અનીષ્ટસંયોગ વગેરે સંબંધી જે તીવ્રદુઃખ અનંતવાર ભોગવ્યાં

છે તેનું ચિંતન કરો. અહીં સંન્યાસ–સમાધિમરણના અવસરમાં ઊપજેલી વેદનાનું તો શું દુઃખ છે? અત્યારે તો સમભાવ વડે સહન કરીને સર્વ દુઃખનો અભાવ કરવાનો અવસર છે, માટે કાયરતા છોડો, ને પરમ ધૈર્યપૂર્વક પરિષહોને જીતીને સકલ કલ્યાણને પ્રાપ્ત કરો. આ કર્મનો વિજય કરવાનો અવસર છે, અત્યારે ગાફિલ રહેવું યોગ્ય નથી. હે મુનિરાજ! પૂર્વે ચારગતિના પરિભ્રમણમાં જે અનંતદુઃખો જીવે ભોગવ્યાં તેના અનંતમાં ભાગનુંય દુઃખ અત્યારે તમને નથી, તો પછી કાયર થઈ તે તમે ધર્મને મલિન કેમ કરો છો? પૂર્વે અસંખ્યાતકાળ સુધી નિરંતર દુઃખો સહન કર્યાં તો હવે આ સમાધિમરણ ટાણે અત્યંત અલ્પકાળનું રોગાદિ જનિત દુઃખ કેમ સહન નથી કરતા? ધૈર્યપૂર્વક વેદના સહન કરીને આત્માનું કલ્યાણ કરો. પૂર્વે તો પરવશપણે ચારે ગતિની વેદના સહન કરી તો આ અવસરમાં સમભાવથી વેદના સહન કરવાનો ધર્મ જાણીને આત્મવશપણે તેને સહન કરવા કેમ સમર્થ ન થઈએ?

હે મુનિ! સર્વે સમુદ્રોનું જળ પણ જેને ઉપશાંત ન કરી શકે એવી તીવ્ર તૃષા સંસારમાં તમે અનંતવાર વેદી. તો અત્યારે નિર્વિકલ્પ શાંતચૈતન્યરસ પીવાના ટાણે તે જળને કેમ યાદ કરો છો? આત્માને સ્વાનુભૂતિના આનંદરસમાં તરબોળ કરીને તૃપ્ત કરો.

વળી, સમસ્ત પુદ્‌ગલકાયવડે જે ક્ષુધા ન મટે એવી તીવ્ર ક્ષુધાવેદના તમે સંસારમાં અનંતવાર વેદી, તો આ સમાધિના અવસરે તે પૌદ્‌ગલિક ખોરાકને કેમ યાદ કરો છો? તમે તો આનંદભોજી છો... અતીન્દ્રિય આનંદના ભોજનીયા વડે આત્માને તૃપ્ત કરો. એ રીતે ઘોર તૃષા–ક્ષુધાને સ્વવશપણે સહન કરો... જેથી ફરીને સંસારની એવી વેદના કદી પ્રાપ્ત નહિ થાય.

—આ પ્રકારે ધર્મકથાના શ્રવણરૂપ અમૃતપાન વડે, ગુરુના ઉપદેશરૂપ ભોજનવડે તથા ધ્યાનરૂપ ઔષધિવડે જીવ તીવ્રવેદનાને પણ સહન કરવા સમર્થ થાય છે.

હે મુનિ! અસાતાકર્મનો પ્રબળ ઉદય આવતાં તમે ભયસહિત હો કે ભયરહિત હો, ઇલાજ કરો કે ન કરો, પણ વેદનાથી છૂટી નહીં શકો. પાપકર્મના ઉદય વખતે અત્યંત શક્તિશાળી ઔષધિ પણ વેદનાનો ઉપશમ કરી શકતી નથી. માટે તેના વેદનમાં એવો સમભાવ રાખો કે જેથી નવું કર્મ ન બંધાય, ને પૂર્વનું કર્મ નિર્જરી જાય.

મોક્ષાભિલાષી સંયમીજનોને મરણ થાય તો ભલે થાય, પણ વેદનાના ઉપશમન માટે અયોગ્ય દ્રવ્યનું સેવન કરવું ઇષ્ટ નથી. મરણથી તો એક જન્મનો જ નાશ થાય છે, ત્યારે અસંયમથી તો અનેકભવ બગડે છે. તેથી એક જન્મના થોડાક દિવસના

જીવનને માટે સંયમનો નાશ કરવો ઉચિત નથી. અસાતાનો ઉદય આવ્યો તેને કોણ રોકી શકે?–એમ જાણીને, હે કલ્યાણઅર્થીજનો! અશુભ કર્મની ઉદીરણા થતાં મનમાં દુઃખ ન કરો. દુઃખ કરવાથી કાંઈ ઉદય તો નહીં મટે પણ ફરીને અસાતાકર્મ બંધાશે. વિષાદ–કલેશ કે વિલાપ કરવાથી તો કાંઈ વેદના ઉપશમતી નથી, ઘટતી પણ નથી, સંકલેશ કરવાથી વેદનામાં તો કાંઈ ફેર નથી પડતો, તેમજ બીજો પણ કોઈ ફાયદો નથી થતો, માત્ર આર્તધ્યાન થાય છે ને દુષ્કર્મ બંધાય છે.

જેમ આકાશને મૂઠી મારવી તે નિરર્થક છે, ને તેલ માટે રેતી પીલવી તે નિરર્થક છે, તેમ અશુભકર્મના ઉદયમાં વિલાપ કે દીનતા કરવી તે પણ નિરર્થક છે, એનાથી દુઃખ મટતું નથી, પણ ઊલ્ટું દુઃખ વધે છે ને ભવિષ્યમાં દુઃખના કારણરૂપ તીવ્રકર્મ બંધાય છે. જેમ ન્યાયવાન પુરુષ પોતે કરેલું કરજ ચુકવતાં દુઃખી થતો નથી, પણ કરજથી છૂટકારાનો હર્ષ માને છે, તેમ પૂર્વે પોતે ઉપાર્જન કરેલું કર્મ ઉદયમાં આવતાં ન્યાયમાર્ગી જ્ઞાનીજનો દુઃખી થતા નથી; સમભાવપૂર્વક વેદીને કર્મનું ૠણ ચુકવતાં તે આનંદ માને છે. આ દુઃખવેદના કોઈ બીજાએ આપેલ નથી પણ અમારા જ પૂર્વકર્મનું ફળ છે—એમ જાણી સમભાવ રાખો, દુઃખી મત થાઓ.

અરે મુનિ! પૂર્વે બીજા કોઈને આવું દુઃખ ન આવ્યું હોય ને એકલા તમને જ આવું દુઃખ આવ્યું હોય–એમ તો નથી. દુઃખ તો સંસારમાં બધા જીવોને આવે છે, કાંઈ તમને એકને નથી આવ્યું. પૂર્વકર્મના ઉદયથી દુઃખ આવવા છતાં સમભાવ રાખીને ઘણા જીવો મોક્ષમાં ચાલ્યા ગયા; માટે દુઃખમાં સમભાવ રાખવો યોગ્ય છે. કર્મથી ભિન્ન પોતાના સ્વરૂપનું સ્મરણ કરીને ધૈર્ય ધારણ કરતાં તે દુઃખ ટળી જાય છે, અને આરાધના નિર્વિઘ્ન રહે છે.

અરિહંત–સિદ્ધભગવંતો, તથા તે ક્ષેત્રવાસી દેવો અને સમસ્તસંઘની સાક્ષીપૂર્વક કરેલું જે પચ્ચખાણ, તેનો ભંગ કરવા કરતાં તો મરણ શ્રેષ્ઠ છે; કેમકે વ્રતભંગથી તો લોકમાં નિંદા થાય, માર્ગ બગડે, ધર્મનો અપવાદ થાય ને પરલોકમાં પણ જીવ ઘણા કાળ સુધી દુઃખી થાય. માટે, પંચપરમેષ્ટીની સાક્ષીથી લીધેલા સંલ્લેખના વ્રતને હે મુનિ! ભંગ ન કરો, –ભલે દેહ છૂટી જાય. આવા દુર્લભ રત્નત્રય પામીને હવે તેને ન બગાડો.

આ સમાધિના અવસરે ક્ષુધાથી પીડિત થઈને તમે આહારની વાંછા કરો છો,— પણ અરે મુનિ! જ્યાં આત્મિક–સુખરસનો સ્વાદ છે ત્યાં આહારાદિથી વિરક્તિ થઈ

જાય છે. જીહ્વા ઇન્દ્રિયની લાલસાથી આહારમાં ગૃદ્ધિ થઈને અભક્ષ્ય આહાર કરતો થકો અનંતકાળથી જીવ નરકાદિચારગતિમાં મહા દુઃખ પામ્યો, અને તમને આ સમાધિના અવસરમાં હજી આહારની લાલસા નથી છૂટતી,—તો સંસારમાં તમે દુઃખી થશો. તમે માનો છો કે 'ખોરાકવડે આહારની તૃષ્ણા મટાડીને હું તૃપ્ત થઈશ'—પણ અનંતકાળથી આહાર કરવા છતાં જીવને તૃપ્તિ ન થઈ. ચક્રવર્તીના ભોગોપભોગથી, કલ્પવૃક્ષના દિવ્ય આહારથી કે અસંખ્યાત વર્ષો સુધી દેવલોકના દિવ્યઅમૃતના આહારથી પણ જેને તૃપ્તિ ન થઈ, તેને આ તૃચ્છ અન્નાદિકના ભોજનથી તૃપ્તિ કેમ થશે? જેમ અગ્નિ ઇંધનવડે કદી ઉપશાંત થતો નથી તેમ ભોજનની લાલસાથી તૃપ્ત જીવ ખોરાકવડે કદી તૃપ્ત થતો નથી. માટે ધૈર્ય ધારણ કરી આહારની વાંછા છોડો, ને અંતરમાં ઉપયોગ જોડીને અતીન્દ્રિય જ્ઞાનઆનંદના સ્વાધીન ભોજન કરો...તેના અનુભવથી જ જીવને પરમ તૃપ્તિ થશે.

જેની તૃષા સમુદ્રના જળથી પણ ન છીપી તેની તૃષા પાણીના એક ટીપાંથી કેમ મટશે? અતીતકાળમાં આહારના બહાને સમસ્ત જાતિના પુદ્‌ગલોનું જીવે ભક્ષણ કર્યું છે છતાં ક્ષુધા ન મટી, તો હવે જે કંઠગતપ્રાણ છે તે કિંચિત્ આહારથી કેમ તૃપ્ત થશે? માટે એ પૌદ્‌ગલિક આહારની અભિલાષા છોડીને ચૈતન્યના સંતોષરૂપ પરમ અમૃતનું આસ્વાદન કરો. જે આહાર અનંતવાર ભોગવાઈ ચુક્યો છે તેનું હવે શું આશ્ચર્ય છે! પૂર્વે ન ભોગવેલાની અભિલાષા થાય તે તો ઠીક, પરંતુ એવો તો કોઇ આહાર નથી કે જે પૂર્વે અનેકવાર ન ભોગવાયો હોય. આહારની અતિ ગૃદ્ધતાવાળો જીવ અનેક પ્રકારે આરંભ કરે છે ને આકુળતાથી દુઃખી થાય છે. અરે, એવા તે કોણ મુનિ હોય કે આહારના અલ્પકાલિક સ્વાદ ખાતર ચૈતન્યસ્વાદના દીર્ઘકાલિન મહાનસુખથી ચલિત થાય?

હે મુનિ! સંસારમાં જેટલા કોઈ શરીર સંબંધી કે મનસંબંધી દુઃખો જીવ અનંતવાર પામ્યો છે તે બધા દુઃખો એક દેહમાં મમત્વરૂપ દોષને લીધે જ પામ્યો છે. સંસારમાં જેટલાં દુઃખ છે તે બધાય શરીરના મમત્વને લીધે જ જીવ ભોગવે છે. હજી પણ જો શરીરમાં મમત્વબુદ્ધિ કરશો તો સંસારપરિભ્રમણનું મહા દુઃખ પામશો. સંસારમાં મરણ–સમાન ભય નથી, ને જન્મ–સમાન દુઃખ નથી, માટે જન્મ–મરણથી ભરેલા શરીરનું મમત્વ છોડો. સમાધિમરણને માટે દેહનું મમત્વ છોડીને ચૈતન્યના ચિંતનમાં ચિત્તને જોડો. 'શરીર અન્ય છે અને જીવ અન્ય છે' એવા નિશ્ચયરૂપ બુદ્ધિવાળા હે મુનિ! હવે તમે

દુઃખ–ભય–કલેશ કરાવનાર આ શરીરની મમતા ન કરો. શરીર પુદ્‌ગલમય છે, આત્મા તો જ્ઞાતા છે, શરીર મૂર્ત છે, આત્મા અમૂર્ત છે, શરીર સંયોગી–વિનાશીક છે, આત્મા અસંયોગી–અવિનાશી છે, શરીર અચેતન છે, આત્મા ચેતન છે—આમ બંનેને પ્રગટપણે અત્યંત જુદા જાણીને, દેહથી ભિન્ન આત્માનો અનુભવ કરતા થકા તમે શરીરનું મમત્વ છોડો. શરીરની મમતા મહાન દુઃખ ઉપજાવનારી છે, માટે જ્ઞાનભાવના પ્રગટ કરીને શરીરની મમતા કરવા જેવી નથી. હે મુનિરાજ! રોગાદિ સમસ્ત ઉપસર્ગ–પરિષહને નિઃસંગપણે (–એકત્વસ્વભાવમાં તત્પરપણે) સહતા થકા તમે સંકલેશ રહિત થઈને મોહને જીતી લ્યો. જેમ રત્નોથી ભરેલું વહાણ આખા દરિયાને પાર કરીને, કાંઠે આવીને પ્રમાદથી ડુબી જાય, તેમ સંસારસમુદ્રના કિનારે આવેલી રત્નત્રયથી ભરેલી સાધુપણારૂપી તમારી નૌકાને હે મુનિ! સંકલેશ–પરિણામવડે ફરી ભવસમુદ્રમાં ડુબવા ન દેશો. ત્રણલોકમાં સારભૂત અને ઉત્તમ મોક્ષસુખ દેનાર એવા આ દુર્લભ સાધુપણાને આહારના અલ્પસુખ–નિમિત્તે નષ્ટ ન કરો. અલ્પકાળ જીવન શેષ છે માટે આહારાદિની વાંછા છોડી વીતરાગતાથી પરમ સંયમની ભાવનામાં દ્રઢ રહો.

અહા, ઉપસર્ગ અને પરિષહો પ્રાપ્ત થવા છતાં જેમનું ધૈર્ય નથી છૂટયું એવા ધીર–વીર પુરુષોવડે ઉપદેશવામાં આવેલ, અને સંતપુરુષોવડે સેવન કરવામાં આવેલ એવો આ મહાપવિત્ર રત્નત્રયમાર્ગ, તે માર્ગને પામીને ધન્યપુરુષો આહાર–શરીરાદિની વાંછાથી રહિત થયા થકા સમાધિ પામીને શુદ્ધ થાય છે,–આરાધનાવડે એને સંસારનો નિસ્તાર થાય છે. માટે હે કલ્યાણઅર્થી મુનિરાજ! આ કલેવરકુટિરને અત્યંત ત્યાગવા યોગ્ય જાણો, અને દેહકલેવર અમારું નથી–એમ મમતારહિત થઈને રત્નત્રયમાં સ્થિર રહો. કર્મના ફળમાં ઉદાસીન રહીને વેદનાને દુઃખરહિત સહન કરવી યોગ્ય છે.

આ પ્રમાણે નિર્યાપકઆચાર્યના વીરતા ભરેલા વીતરાગી ઉપદેશ વડે, જેનું ભેદવિજ્ઞાન જાગૃત થયું છે, એવા તે ક્ષપકમુનિ સંકલેશથી નિવૃત્ત થાય છે, રત્નત્રયમાં ઉત્સાહિત થાય છે, અને જેમ બીજા દેહમાં ઊપજેલા દુઃખનું વેદન પોતાને નથી તેમ આ દેહમાં ઊપજેલા દુઃખને પણ બીજા દેહના દુઃખની માફક જ પોતાથી જુદું દેખે છે; ભિન્ન ચૈતન્યની ભાવનાથી પોતે પોતાની આરાધનામાં અચલ રહે છે. અને બખ્તર પહેરેલા યોદ્ધાની જેમ શૂરવીરપણે એમ વિચાર કરે છે કે અહા, મારી ધીરતા દેખવા અને મને આરાધનાનો ઉત્સાહ જગાડવા આ મહાન ઋદ્ધિવંત વીતરાગ મુનિ મારી સમીપ આવ્યા છે, તો હવે તેમની સમક્ષ પ્રાણ છૂટે તો ભલે છૂટે, પરંતુ ધૈર્ય

છોડી વ્રતભંવગડે હું ધર્મને લજ્જિત નહીં કરું. આ પ્રમાણે ઉત્તમપુરુષોના સંસર્ગથી કાયર પણ ધૈર્યરૂપ બખ્તર ધારણ કરીને કર્મ સામે યુદ્ધ કરવા તૈયાર થાય છે. અભેદ્ય બખ્તર જેવા આ વીતરાગી ઉપદેશને હૃદયમાં ધારણ કરનાર પુરુષ કર્મશત્રુને જીતી લે છે. આ રીતે વીતરાગવચનરૂપી કવચ સહિત થયેલા ક્ષપકમુનિ પરિષહરૂપી શત્રુથી નહીં ભેદાતા થકા આત્મધ્યાન કરવામાં સમર્થ થાય છે.

એ રીતે વીતરાગ ગુરુવડે પહેરવવામાં આવેલ જે કવચ–બખ્તર તેના પ્રભાવથી તે ક્ષપકમુનિ ક્ષુધા–તૃષા–રોગ–વેદના વગેરે પરિષહોને સંકલેશ વગર પરમસમતાભાવથી સહન કરે છે, અને શરીરમાં–ક્ષેત્રમાં–સંકલસંઘમાં–વૈયાવૃત્ય કરનારાઓમાં તેમજ સમસ્ત ક્ષેત્ર–કાળાદિકમાં રાગ–દ્વેષરહિત વર્તતા થકા, ક્યાંય પણ પરિણામને બાંધ્યા વગર પરમ સમતાભાવને પ્રાપ્ત કરે છે. સંસારમાં જેટલી વસ્તુ ગ્રહણમાં આવે છે તે બધી મારાથી અન્ય છે, મારું કાંઈપણ નથી એમ સર્વત્ર નિર્મમત્વ ભાવવડે તે જીવ વીતરાગી સમભાવને પામે છે. કવચવડે ધીરતા ધારણ કરનારા તે સાધુ કોઈ સંયોગમાં રતિ–અરતિ કરતા નથી, ઈષ્ટ વસ્તુના સંયોગમાં ઉત્સુકતા કે હર્ષ નથી કરતા, ને અનિષ્ટ વસ્તુના સંયોગમાં દીનતા કે વિષાદ નથી કરતા. મિત્ર–સ્વજન–શિષ્ય–સાધર્મી બધા પ્રત્યે રાગ–દ્વેષ છોડે છે. વીતરાગી કવચ વડે જેનું મન આરાધનામાં દ્રઢ થયું છે એવા તે સાધુ સ્વર્ગાદિના ભોગની પણ વાંછા કરતા નથી. રત્નત્રય માર્ગની વિરાધના વગર દ્રઢપણે આરાધનામાં તત્પર રહે છે; જીવન–મરણ કે માન–અપમાનમાં તે સમભાવી રહે છે. આ જગતમાં જેટલા ઈન્દ્રિયવિષયો છે તે તો બધાય પુદ્ગલપર્યાયો છે, અને જ્ઞાનાનંદ સ્વરૂપ એવા મારાથી તો તે ભિન્ન છે, તોપછી હું કોનામાં રાગ–દ્વેષ કરું? એ રીતે સર્વત્ર રાગ–દ્વેષરહિત થઈને તે સાધુ ઉત્તમાર્થ એવી આરાધનામાં વર્તે છે. મરણપર્યંત ગમે તેવી અસાતા થાય તોપણ નિર્મોહપણે તે સમભાવમાં વર્તે છે. એ રીતે આચાર્ય સમક્ષ જેમણે ઉત્તમ પ્રકારે આત્માને ભાવ્યો છે એવા તે ક્ષપકમુનિ ખેદરહિત શૂરવીરપણે પરમ રત્નત્રયમાં આરૂઢ થઈને, ચૈતન્યમાં જ ચિત્તની એકાગ્રતાપૂર્વક સમાધિમરણ કરે છે.

**જય હો ઉત્તમ રત્નત્રય-આરાધનાનો.**
**નમસ્કાર હો તે આરાધક મુનિરાજ ભગવંતને.**

## આનંદના પ્યાસી જીવોને માટે સંતોએ માંડી છે–

# પરમઆનંદની પરબ

**પ્રભો ! જગતમાં તો ક્યાંય મેં સુખ ન દેખ્યું; મારા પરમ તત્ત્વમાંથી જ મને સુખ થશે; માટે તે પરમ તત્ત્વ મને બતાવો.**

( બેસતું વર્ષ તથા ભાઈબીજના પ્રવચનમાંથી : સં. ૨૦૨૧ )

શાસ્ત્રના પ્રારંભમાં પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને. પ્રભાકર ભટ્ટ નામનો પાત્ર શિષ્ય વિનયપૂર્વક શ્રીગુરુ પાસે માંગે છે કે હે પ્રભો ! મને શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય...ને ચૈતન્યનિધાન મળે–એવા ઉત્તમ પરમાત્મતત્ત્વનો ઉપદેશ આપો. જગતમાં તો ક્યાંય મેં સુખ ન દેખ્યું, મને મારા પરમતત્ત્વમાંથી જ સુખ મળશે—એવા વિશ્વાસપૂર્વક શિષ્ય કહે છે કે હે પ્રભો ! અનુગ્રહપૂર્વક એવા કોઈ પરમ તત્ત્વનો ઉપદેશ આપો કે જેને જાણવાથી મને મારા ચૈતન્યનું ઉત્તમ સુખ મળે.

જેમ બેસતાવર્ષે મહાપુરુષ–ધર્માત્માના આશીર્વાદ લઈએ છીએ, તેમ અહીં શિષ્ય પોતાના આત્મામાં આનંદનું નવું વર્ષ બેસાડવા માટે શ્રી ગુરુ પાસે વિનયથી આશીર્વાદ માંગે છે ને વિનવે છે કે હે સ્વામી ! પ્રસન્ન થઈને મને પરમ તત્ત્વ સમજાવો...કે જે પરમ તત્ત્વને સમજતાં મને સુખનો અનુભવ થાય. અત્યાર સુધી સંસારમાં રખડતાં મેં ઘણાં–ઘણાં દુઃખ ભોગવ્યાં, સુખ તો મને ક્યાંય ન મળ્યું...પરમાત્મ તત્ત્વને ન જાણ્યું તેથી જ હું દુઃખી થયો, તો હે સ્વામી ! હવે કૃપા કરીને આપ તે પરમાત્મતત્ત્વનો એવો ઉપદેશ આપો કે જેને જાણીને હું સિદ્ધસુખ પામું ને આ સંસારદુઃખથી છૂટું.

દુઃખથી છૂટવા માટે હૃદયની દર્દભરી વિનતિ કરે છે—પ્રભો ! મારે બીજું કાંઈ નથી જોઈતું, એક ચૈતન્યસુખની પ્રાપ્તિ કેમ થાય તે જ બતાવો. જુઓ, આ પાત્ર શિષ્યનો પોકાર ! દરેક જિજ્ઞાસુના અંતરમાં કેવી ભાવના

# તરસ્યા શિષ્યને શ્રીગુરુ પીવડાવે છે—
# પરમ આનંદનાં અમૃત

હોય તેની આ વાત છે. આખા સંસારમાં–પાપમાં કે પુણ્યમાં, નરકમાં કે સ્વર્ગમાં જેને દુઃખ લાગતું હોય, ચૈતન્યની સમાધિ–અનુભૂતિ સિવાય બીજે ક્યાંય, કોઈ પરભાવમાં કે કોઈ સંયોગમાં કિંચિત્ સુખ નથી, સુખ તો ચૈતન્યની વીતરાગી અનુભૂતિમાં જ છે—એમ જેના અંતરમાં ભાસ્યું હોય, એવા જીવની આ જિજ્ઞાસા છે કે હે પ્રભો! હું મારા પરમાત્મતત્ત્વને જાણુ— એવો ઉપદેશ મને આપો.

જેમ પાણીની બહાર પડેલું માછલું પાણી વગર તરફડે, તેને ચેન ક્યાંય ન પડે, તેમ હે પ્રભો! ચૈતન્યના નિર્વિકલ્પસુખના દરિયાથી બહાર પરભાવમાં સર્વત્ર હું દુઃખથી તરફડી રહ્યો છું, ચાર ગતિમાં કયાંય મને ચેન નથી, સ્વર્ગમાંય ચેન નથી; પરમાત્મતત્ત્વમાં જે સુખ ભર્યું છે તેનો મને અનુભવ કેમ થાય–એ જ મારે સમજવું છે. પ્રભો! સંસારમાં બીજી કોઈ વાંછા નથી, મારા ચૈતન્ય સુખ સિવાય બીજું કાંઈ હું ચાહતો નથી. આવો અંતરનો પોકાર જેને જાગ્યો તે શિષ્યને શ્રીગુરુ પરમાત્મતત્ત્વ સમજાવે છે, ને કોરો ઘડો જેમ પાણીના ટીપાંને ચૂસી લ્યે તેમ, તે શિષ્ય તરત સમજી જાય છે.

શિષ્યને પોતાને એમ ભાસ્યું છે કે અરે, અનંતકાળ મેં દુઃખનો ભોગવટો કર્યો, મારા આત્માના સુખના ઉપાયને મેં ક્ષણમાત્ર ન સેવ્યો; સુખના ઉપાયના સેવન વગર અનંતકાળ દુઃખના દરિયામાં જ ડુબી રહ્યો, હવે આ દુઃખના દરિયાનો કિનારો આવે ને હું સુખ પામું એનો ઉપાય શું છે? તે જાણીને તેનું જ સેવન કરવાની ધગશ છે. એક જ ધગશ છે, એક જ ધૂન છે, એક જ જિજ્ઞાસા છે. જે પરમાત્મસ્વભાવના લાભ વગર, એટલે ભાન વગર, હું સંસારમાં ભમ્યો અને જેની પ્રાપ્તિથી મારું ભ્રમણ મટે એવો પરમાત્મસ્વભાવ મને બતાવો.—આ રીતે જિજ્ઞાસુ શિષ્ય આત્માનું સ્વરૂપ સાંભળવા માંગે છે.

# બીજું કાંઈ મારે નથી જોઈતું-એક આત્મા જ જાણવો છે કે જેને જાણવાથી સુખનો અનુભવ થાય.

( ૧૬મા પાનાંનો લેખ ચાલુ )

આત્મજ્ઞાન સિવાય જગતમાં કાંઈ સાર નથી. ભરત જેવા ચક્રવર્તી કે સ્વર્ગના ઈન્દ્ર પણ શુદ્ધઆત્માને જ સાર સમજીને, તીર્થંકરભગવાન પાસે વિનયથી એનું જ સ્વરૂપ પૂછે છે, ને બહુમાનથી સાંભળે છે. પ્રભો! જગતમાં સૌથી ઉત્તમ ને આદરણીય જે શુદ્ધાત્મા તે કેવો છે? પોતાને તેનું ભાન હોય તોપણ મુમુક્ષુ જીવો ભગવાન પાસે મુનિરાજ પાસે જઈને ફરીફરીને આદરપૂર્વક તેનું સ્વરૂપ સાંભળે છે. અહીં ( પરમાત્મપ્રકાશમાં ) પ્રભાકર ભટ્ટ પણ એ જ વાત પૂછે છે, અને તેને પરમાત્માનું સ્વરૂપ સમજાવે છે. ( દરેક જિજ્ઞાસુશિષ્યે પોતાને પ્રભાકર ભટ્ટના સ્થાને જ સમજવો. )

જુઓ તો ખરા, શુદ્ધાત્માના જિજ્ઞાસુને માટે ઉત્કૃષ્ટ દાખલો ઠેઠ ભરતચક્રવર્તીનો આપ્યો. જેમ ઋષભદેવની સભામાં ભરતચક્રવર્તીએ શુદ્ધાત્માનું સ્વરૂપ પૂછ્યું હતું તેમ અહીં સંસારથી ભયભીત થઈને આત્માના સુખને માટે પ્રભાકર ભટ્ટ યોગીન્દુદેવને વિનયથી તે જ વાત પૂછે છે. શુદ્ધાત્માની આરાધનારૂપ રત્નત્રય જેને પ્રિય છે એવા જીવો જ્ઞાની પાસે તેનો જ પ્રશ્ન પૂછે છે. વાહ! શ્રોતા એવા છે કે જેને પ્રિયમાં પ્રિય આત્મા છે, આત્માના રત્નત્રય જેને પ્રિય છે, વ્યવહારમાં પંચપરમેષ્ઠીની ભક્તિ પ્રિય છે; એ સિવાય સંસારમાં બીજું કાંઈ જેને પ્રિય નથી, જેઓ ચૈતન્યના વીતરાગ નિર્વિકલ્પ આનંદરસના પ્યાસા છે, અને જેમને રાગની કે પુણ્ય–વૈભવની પિપાસા નથી. પ્રવચનસારમાં કહે છે કે 'પરમ આનંદના પિપાસુ ભવ્યજીવોને માટે આ ટીકા રચાય છે. સમાધિશતકમાં કહે છે કે કૈવલ્યસુખની સ્પૃહાવાળા જીવોને માટે પરથી વિભક્ત આત્માનું સ્વરૂપ કહેવામાં આવે છે. જુઓ તો ખરા, સંતોએ તો પરમ આનંદનાં પરબ માંડયા છે. જેમ ભરઉનાળામાં તૃષાતૂરને માટે ઠંડા પાણીનાં પરબ મંડાયા હોય ત્યાં તરસ્યા જીવો પ્રેમથી આવીને પાણી પીએ છે ને તેનું હૃદય ઠરે છે; તેમ સંસાર–ભ્રમણરૂપી ભરઉનાળામાં રખડી–રખડીને

થાકેલા જીવને માટે ભગવાનના સમવસરણમાં અને સંતોની છાયામાં ચૈતન્યના વીતરાગી પરમઆનંદરસનાં પરબ મંડાયા છે, ત્યાં પરમઆનંદના તરસ્યા જીવો જિજ્ઞાસાથી આવીને શુદ્ધાત્માના અનુભવરૂપ અમૃતપાન કરે છે ને પરમ તૃપ્ત થાય છે...તેનો આત્મા ઠરે છે. અરે, કયાં નવમી ગ્રૈવેયકથી માંડીને નરક–નિગોદનાં દુઃખોનો દાવાનળ! ને કયાં આ ચૈતન્યના અનુભવરૂપ સુખના વેદનની શાંતિ!

અરે, ચૈતન્યના પરમ આનંદના અનુભવ વગર જેને બધુંય દુઃખરૂપ લાગે છે, અને ત્યાંથી ભયભીત થઈને જે ચૈતન્યસુખને ઝંખે છે, એવો જીવ શુદ્ધાત્માના અનુભવ તરફ જાય છે. જેમ લોકો મોટા નાગથી ભયભીત થઈને ભાગે છે તેમ ધર્માત્માઓ સંસારની ચારેગતિના ભવથી ભયભીત થઈને ત્યાંથી ભાગ્યા ને ભવ વગરના ચૈતન્યનું શરણ લીધું. જગતમાં નિર્ભયસ્થાન આ એક ચૈતન્ય જ છે; તે જ ચારગતિનાં દુઃખોથી બચાવનાર છે.

**ચારગતિ દુઃખથી ડરે તો તજ સૌ પરભાવ;**
**શુદ્ધાતમ-ચિંતન કરી શિવસુખનો લે લ્હાવ.**

## સાચું સુખ

જીવ સુખ ચાહે છે...પણ તે રાગમાં ને સંયોગમાં સુખને શોધે છે.

ભાઈ, સુખ તો રાગમાં હોય ?–કે વીતરાગમાં ?

વીતરાગતા તે જ સુખ છે, તેને જીવે કદી જાણ્યું નથી.

જેણે રાગમાં અને પુણ્યમાં સુખ માન્યું તેને મોક્ષની શ્રદ્ધા નથી.

મોક્ષ તો અતીન્દ્રિય જ્ઞાનમય છે, રાગમય નથી.

અરિહંત અને સિદ્ધભગવંતોના સુખને ધર્મી જીવો જ જાણે છે.

સ્વ–પરના ભેદજ્ઞાનપૂર્વક વીતરાગ–વિજ્ઞાનવડે જ તે સુખ અનુભવાય છે.

# તારો સાચો વૈભવ

**અચિંત્ય નિધાનથી ભરેલું તારું ચૈતન્યતત્ત્વ જ સર્વોત્કૃષ્ટ છે, એનાથી ઊંચું બીજું કાંઈ નથી.–એમ જાણીને હે જીવ! તું તેને એકને જ ભજ, ને બીજું બધું તજ.–‘एकं भज सर्व त्यज।’**

સાધક કહે છે કે હે જિનેન્દ્ર! હું સ્વર્ગાદિમાં ગમે ત્યાં હોઈશ તોપણ આપના ચરણની ભક્તિ નહીં છોડું, આપે બતાવેલા માર્ગની શ્રદ્ધા હું નહીં છોડું. પુણ્ય–પાપથી પાર જે ચૈતન્યતત્ત્વ પ્રતીતમાં લીધું છે, તેની શાંતિનો સ્વાદ ચાખ્યો છે, તે ચૈતન્યનો પ્રેમ હવે કદી છૂટવાનો નથી. વચ્ચે એકાદ ભવ થશે ને સ્વર્ગાદિના વૈભવનો સંયોગ આવશે, પણ અમને તેનો પ્રેમ થવાનો નથી; અમારા ચૈતન્યતત્ત્વથી ઊંચું કાંઈ જગતમાં નથી.

જે જીવ રાજા–મહારાજાના અનેકવિધ મહા વૈભવને સાંભળીને કે દેખીને તેની અભિલાષા કરે છે, તેને આચાર્યદેવ કહે છે કે અરે! તું જડમતિ છો. ચૈતન્યના પરમ વૈભવને ભૂલીને તું પુણ્યનાં ફળરૂપ જડ વૈભવની વાંછા કરે છે, તો તું જડમતિ છો...તારી બુદ્ધિ જડમાં રોકાઈ ગઈ છે, ને તેથી તું નકામો કલેશ જ પામે છે. અરે, કેવળજ્ઞાનાદિ અનંત કાર્યના કારણરૂપ થાય એવો ગંભીર તારો ચૈતન્યસ્વભાવ, તે ચૈતન્યના અપાર અદ્ભુત વૈભવની વાત તને સંભળાવી, તે સાંભળીને તેનો તને ઉમળકો કેમ નથી આવતો અને બહારના વૈભવની વાત સાંભળીને તેનો ઉલ્લાસ કેમ આવે છે? અમુક રાજાને આવી મોટર, આવા બંગલા, આવી રાણી, અબજો રૂપિયાની રોજની આવક એવા બાહ્યવૈભવની વાત સાંભળતાં ધર્મીને તો એમ થાય કે અરે, ચૈતન્યના વૈભવ પાસે એ બધાની શી ગણતરી છે! બહારના ગમે તેટલા વૈભવ ભેગા થાય, આખી દુનિયાના જડવૈભવ ભેગા થાય તોપણ મારા ચૈતન્યના વૈભવની અપૂર્વ શાંતિનો એક અંશ પણ તેમાંથી ન મળે. અજ્ઞાની તો તે બહારના વૈભવની વાત સાંભળતાં આશ્ચર્ય પામે છે...કેમકે ચૈતન્યના અલૌકિક વૈભવની તેને ખબર નથી. અરે, ચૈતન્યના અતીન્દ્રિય આનંદની તો શી વાત! પણ જિનમાર્ગ પ્રત્યેની ભક્તિના એક શુભવિકલ્પથી જે પુણ્ય

બંધાય તેનાથી દેવલોકના વૈભવના ઢગલા આપોઆપ આવી પડશે.–માટે એનું આશ્ચર્ય છોડ. અરે, એમાં શું હતું ? એ તો વિકારનું ફળ છે; અંદર ચૈતન્યની અનુભૂતિના ફળની જે અપૂર્વ શાંતિ–તેની તો ગંધ પણ તે વૈભવમાં નથી.

કેવળજ્ઞાન–કેવળસુખ વગેરે અનંત વૈભવ જેમાંથી પ્રગટે એવી ખાણ આત્મામાં ભરી છે; આત્મામાં એવો કારણસ્વભાવ છે કે જે કેવળજ્ઞાનાદિ અનંત કાર્યનું એક સાથે કારણ થાય. કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય, અને એવા અનંતા ગુણોની નિર્મળદશારૂપ અનંત કાર્ય, તેનું કારણ થવાની તાકાત વર્તમાનમાં તારામાં વર્તે જ છે. તેને ઓળખીને, તેનું સેવન કરતાં તને સમ્યક્ત્વાદિ અનંત વૈભવ પ્રગટ થશે, અને બહારના વૈભવની દ્રષ્ટિ છૂટી જશે. આવા મારા અચિંત્ય ચૈતન્યતત્ત્વથી ઊંચું ખરેખર બીજાું કાંઈ નથી, એમ સમજીને હે જીવ ! તું તીક્ષ્ણબુદ્ધિવડે તારા શુદ્ધતત્ત્વને એકને જ ભજ. **‘એક ભજ...સર્વ તજ.’** (નિયમસાર કળશ ૨૮–૨૯)

## “આવા આત્માને તમે દેખો”

ભાઈ, એકવાર શુદ્ધનયવડે અંતરમાં ઘા મારીને તું આનંદસ્વરૂપ આત્માને દુઃખમાંથી જાુદો પાડી દે. શુદ્ધનય એટલે રાગથી છૂટું પડેલું જ્ઞાન અંદર અભેદ થઈને પોતાના આત્માને શુદ્ધપણે અનુભવે છે. આત્માને અનુભવનારો શુદ્ધનય આત્માથી જાુદો નથી, આત્મા સાથે તે અભેદ છે, તેથી તે આત્મા જ છે. આત્મા જેવો છે તેવો અનુભૂતિમાં પ્રગટયો, તેથી અનુભૂતિ તે આત્મા જ છે.

અનુભૂતિમાં આત્મા પ્રકાશે છે, અનુભૂતિમાં રાગ પ્રકાશતો નથી. ધર્મીને અનુભૂતિમાં જે આત્મા આવ્યો તે કેવો છે ? કે અબદ્ધ–અસ્પૃષ્ટ છે; તેમાં કર્મનું બંધન નથી, પુદ્ગલનો સંબંધ નથી. આવી અબદ્ધ–અસ્પૃષ્ટ પર્યાયરૂપે પરિણમેલો આત્મા તે પોતે શુદ્ધનય છે.–‘આ શુદ્ધનય, અને આ તેનો વિષય’ એવા ભેદ અનુભૂતિમાં નથી. શુદ્ધનયપણે આત્મા જ પ્રકાશે છે.

# જ્ઞાન અને કષાયની ભિન્નતાની સિદ્ધિ

## ❀❀❀ કષાય જીવનું લક્ષણ નથી તેથી અકષાયપણું બની શકે છે ❀❀❀

જ્ઞાન આત્માનો સહજ સ્વભાવ છે, એટલે કર્મના નિમિત્ત વિના સ્વયમેવ આત્મા જ્ઞાનપણે વર્તે છે; પરંતુ જ્ઞાનની જેમ કષાય તે કાંઈ આત્માનો સહજ સ્વભાવ નથી, તે તો વિભાવ છે, એટલે કર્મના નિમિત્ત વિના આત્મા કદી કષાયરૂપ થતો નથી. આ રીતે જ્ઞાન અને કષાયનું ભિન્નપણું જાણવું.

ષટ્ખંડાગમ પુસ્તક પાંચ પૃ. ૨૨૩ માં કષાય અને જ્ઞાનની ભિન્નતા બાબત સરસ વાત સમજાવી છે.

તેમાં જ્યારે 'ભાવઅનુગમ' માં જીવના અકષાયભાવનું પ્રતિપાદન કર્યું ત્યારે શિષ્ય પૂછે છે કે–પ્રભો! કષાય તો જીવનો ગુણ છે તેથી તેનો વિનાશ કેમ થાય?–જેમ જ્ઞાનદર્શનાદિ જીવગુણોનો વિનાશ નથી થતો; જો જીવના ગુણોનો વિનાશ થાય તો જ્ઞાનાદિની જેમ જીવનો પણ વિનાશ થઈ જાય! માટે જેમ જ્ઞાનાદિગુણોનો વિનાશ નથી થતો તેમ કષાય પણ જીવગુણ હોવાથી તેનો વિનાશ ન થવો જોઈએ.–એટલે કષાયભાવનાં સ્થાનો બની શકતાં નથી!

તેના ઉત્તરમાં આચાર્યમહારાજ કહે છે કે–જ્ઞાનદર્શનનો વિનાશ થતાં જીવનો વિનાશ થઈ જાય—એ તો બરાબર છે, કેમકે તે તો જીવનાં લક્ષણ છે; પરંતુ કષાય તો કાંઈ જીવનું લક્ષણ નથી; કર્મજનિત કષાયને જીવનું લક્ષણ માનવામાં વિરોધ આવે છે. અને, કષાયોનું કર્મજનિતપણું અસિદ્ધ નથી કેમકે કષાયોની વૃદ્ધિ થતાં જીવના લક્ષણભૂત જ્ઞાનની હાનિ થાય છે–તે બીજી રીતે બની શકે નહીં; માટે કષાય કર્મજનિત છે (જ્ઞાનજનિત નથી) ને તે જીવનો ગુણ નથી, તેથી તેનો અભાવ બની શકે છે. કષાય તો જ્ઞાનનો વિરોધી છે; એકગુણ બીજા ગુણનો વિરોધી (ઘાતક) હોઈ શકે નહિ, કેમકે કોઈ ગુણમાં એમ જોવામાં આવતું નથી. માટે જ્ઞાનાદિ જેમ જીવનાં લક્ષણભૂત ગુણ છે તેમ કષાયો તે જીવનાં ગુણ નથી. માટે કષાયરહિત એવા અકષાયભાવરૂપ સ્થાનો બની શકે છે.

આ ન્યાયે જ્ઞાન અને કષાયોની ભિન્નતા ઓળખતાં જીવને ભેદજ્ઞાન થાય છે ને અનુક્રમે કષાયોનો અભાવ થઈને તેને અકષાયભાવ થાય છે.

## જ્ઞાન અને કષાયની ભિન્નતા

- ‘જીવ’ માંથી કષાયો બાદ કરતાં કાંઈ શૂન્ય રહેતું નથી પણ કષાય વગરનો શુદ્ધજ્ઞાનસ્વરૂપ આખો જીવ રહે છે.
- ‘જીવ’ માંથી જ્ઞાનલક્ષણ બાદ કરતાં તો જીવ શૂન્ય જ થઈ જાય, જ્ઞાન વગરનો જીવ રહી શકે જ નહિ. માટે જ્ઞાનસ્વરૂપ જીવ છે, તે કષાયોથી જુદો છે.
- ‘જીવ’ માંથી શરીર, કર્મ અને રાગદ્વેષાદિ કષાયો બાદ થઈ શકે, પણ જીવમાંથી જ્ઞાનાદિ બાદ થઈ શકે નહીં. તેથી કહ્યું છે કે ‘અબાધ્ય અનુભવ જે લહે તે છે જીવસ્વરૂપ’
- શરીર કર્મ અને કષાયો–એ બધુંય બાદ કરતાં પણ, જીવ તે બધાય વગર પોતાના જ્ઞાનસ્વરૂપે ટકી રહે છે, માટે જીવ તે બધાય પદાર્થો કરતાં ઊર્ધ્વ છે.
- જીવમાંથી રાગાદિ બધુંય બાદ કરતાં કરતાં છેવટે જીવમાંથી જે બાદ ન થઈ શકે એવું અબાધ્ય જ્ઞાનસ્વરૂપ, તે તારું અસલી સ્વરૂપ છે; જે બાદ થઈ શકે તે તારું અસલી સ્વરૂપ નથી.
- રાગ વગરનો આત્મા અનુભવી શકાય છે, માટે રાગ તે આત્માનું સ્વરૂપ નથી.
- જ્ઞાન વગરનો આત્મા અનુભવી શકાતો નથી માટે આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

—આમ સર્વ પ્રકારે ભેદજ્ઞાન કરીને, રાગથી ભિન્ન જ્ઞાનનો સ્વાદ લેવો.

## જીવનની સફળતા

અરે, જગતના જીવો પોતાના ચૈતન્યસુખને ભૂલીને વિષય–કષાયમાં સુખ માની રહ્યા છે; પરંતુ પોતાનું જે ચૈતન્યસુખ છે તેની સંભાળ કરવાનો અવકાશ લેતા નથી; તેમનું તો જીવન વિષયોમાં વેડફાઈ જશે ને નકામું ચાલ્યું જશે. વિષયોથી વિરક્ત થઈને આત્મિકસુખના અભ્યાસમાં જે જીવન વીતે છે તે જીવન સફળ છે.

# ‘હું એક જ્ઞાયકભાવ છું’

## અનંતગુણના મહા સ્વાદથી ભરેલા ઊંડા આત્માને અનુભવમાં લ્યો.

**સમયસાર ઉપર સત્તરમી વખત, ને નિયમસાર ઉપર નવમી વખત સુંદર પ્રવચનો ચાલી રહ્યાં છે. શુદ્ધઆત્માની અનુભૂતિના ગંભીર રહસ્યો ગુરુદેવ ખોલી રહ્યા છે. તેમાંથી છઠ્ઠીગાથાનાં પ્રવચનો આપે ગતાંકમાં વાંચ્યા. અહીં સાતમી ગાથાનાં પ્રવચનો આપ વાંચશો. ચૈતન્યના અનંત ભાવોનો રસ જેમાં ભરેલો છે એવી આત્મઅનુભૂતિ, જ્ઞાનદર્શનચારિત્રના ભેદ-વિકલ્પોથી પાર છે, અને અનંતગુણના એકરસરૂપ મહાઆનંદથી ભરેલી છે.-‘શુદ્ધ આત્માની આવી અનુભૂતિ કેમ થાય’-એવી એક જ ધગશવાળા નીકટવર્તી શિષ્યને અનુભૂતિની રીત આચાર્ય ભગવાને બતાવી છે, અને શિષ્ય આનંદના તરંગ સહિત એવી અનુભૂતિ કરી લ્યે છે.-એનું આ અદ્‌ભુત વર્ણન મુમુક્ષુઓને જરૂર પ્રસન્નતા ઉપજાવશે.**

પાંચમી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અમે આ શુદ્ધઆત્માનું સ્વરૂપ દેખાડીએ છીએ, તે અદ્ધરથી નથી કહેતા, પણ આત્માના આનંદને ઘણો જ અનુભવનારા વીતરાગીગુરુઓના પ્રસાદથી, તથા અમારા આત્માના સ્વાનુભવથી, અમને જે નિજવૈભવ પ્રગટયો છે તે સમસ્ત નિજવૈભવના બળથી આ સમયસારમાં શુદ્ધઆત્માનું સ્વરૂપ કહીએ છીએ. અને હે શ્રોતાજનો! તમે પણ તમારા આત્માના સ્વાનુભવથી તે પ્રમાણ કરજો.

—એમ કહીને પછી છઠ્ઠીગાથામાં શુદ્ધઆત્માનું સ્વરૂપ બતાવ્યું. પ્રમત્ત કે અપ્રમત્ત એવા ભેદ વગરનો, શુભાશુભ કષાયચક્રથી જુદો, સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિરૂપ જે જ્ઞાયકભાવ છે,—તે ભાવસ્વરૂપે આત્માને અનુભવતાં તે શુદ્ધતારૂપે પરિણમે છે. આવા આત્માને શુદ્ધ કહીએ છીએ.

આવો શુદ્ધ આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદ–વિકલ્પોથી પણ પાર છે. આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ છે એમ કહેતાં એક 'આત્મા' ને લક્ષમાં લેજે, ભેદના વિકલ્પમાં અટકીશ નહીં. જ્ઞાનીને આત્માની અનુભૂતિમાં અનંતધર્મો એક સાથે સમાય છે–એ વાત સાતમી ગાથામાં બતાવે છે.

અહો, આવું આત્મતત્ત્વ! વીતરાગી જૈનધર્મમાં અવતરીને આવું તત્ત્વ સાંભળવા મળ્યું અને તે લક્ષમાં ન લ્યે તો જીવને શું લાભ? ભાઈ, આવો સરસ માર્ગ પામીને તું આત્માના મહિમાને લક્ષમાં લે. આત્માના મહિમાને લક્ષમાં લેતાં તારા ભવનો અંત આવી જશે.

**આત્માને રાગવાળો અશુદ્ધ અનુભવવો તે સંસારનું બીજ છે.**

**આત્માને જ્ઞાયકભાવરૂપ શુદ્ધ અનુભવવો તે મોક્ષનું બીજ છે.**

આત્મા એક જ્ઞાયકભાવ છે. જ્ઞાયકભાવરૂપ આત્મા કેવો છે ને તેનો અનુભવ કેમ થાય? તેની અલૌકિક રીત સંતોએ આ સમયસારમાં પ્રસિદ્ધ કરી છે. અહા, કુંદકુંદસ્વામીએ આવા માર્ગને પ્રસિદ્ધ ન કર્યો હોત તો ભરતક્ષેત્રના જીવો મોક્ષમાર્ગને કેમ જાણત? ભરતક્ષેત્રના જીવો ઉપર એમનો મહાન ઉપકાર છે. (અને એમને ઓળખાવનાર કહાનગુરુનો પણ આપણા ઉપર મોટો ઉપકાર છે.)

આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે–કે જેના અનુભવથી મોક્ષમાર્ગ પ્રગટે છે? તે વાત છે. આત્માને રાગી–દ્વેષી–કર્મવાળો અશુદ્ધ કહેવો તે વાત તો દૂર રહો;–તેમાં આત્માની શોભા નથી; તેનો નિષેધ તો છઠ્ઠી ગાથામાં કર્યો. તે ઉપરાંત આત્મા જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે–એવા ભેદ પણ એક આત્માની અનુભૂતિમાં નથી; તે ભેદના લક્ષે આત્મા શુદ્ધપણે અનુભવમાં નથી આવતો–પણ વિકલ્પ થાય છે, અશુદ્ધતા થાય છે. તેથી અશુદ્ધતાના નિષેધમાં ખરેખર ગુણભેદનો પણ નિષેધ આવી જાય છે.

જ્ઞાયક આત્માના અભેદ અનુભવમાં ગુણ–પર્યાયના કોઈ ભેદ નથી; અનંત ગુણપર્યાયોને પી ગયેલું એક શુદ્ધદ્રવ્ય જ અનુભવમાં આવે છે.—આવા અનુભવથી શુદ્ધઆત્મા જણાય છે. ગુણ–પર્યાયો તેમાં અભેદપણે સમાઈ જાય છે, પણ અભેદની અનુભૂતિમાં આખો આત્મા અનંતગુણ–પર્યાયથી એકમેકપણે એકરસપણે સ્વાદમાં આવે છે. બધાય ગુણોનું શુદ્ધકાર્ય એક સાથે પરિણમી રહ્યું છે. આવા આત્માને શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લીધા વગર જીવનો ઉદ્ધાર થતો નથી એટલે કે દુઃખ છૂટીને આનંદનો

અનુભવ થતો નથી.

બીજા વિકલ્પો તો દૂર રહો, પોતામાં જ્ઞાન અને આત્મા એવા ગુણગુણીભેદરૂપ વ્યવહારના વિકલ્પમાં અટકે તોપણ આત્મા શુદ્ધસ્વરૂપે અનુભવમાં આવતો નથી. વિકલ્પથી પાર થઈને જ્ઞાન અંતરમાં પહોંચ્યું ત્યારે સાચા આત્માનો અનુભવ થયો. જેઓ આત્મામાં પહોંચ્યા તેઓ આ રીતે, વિકલ્પથી પાર થઈને એક અભેદ ચૈતન્યવસ્તુના અનુભવથી જ પહોંચ્યા છે. આવો અનુભવ થતાં જ્ઞાનીને સમ્યક્ જ્ઞાન–દર્શન–ચારિત્રદશારૂપ પરિણમન થઈ જાય છે; પણ તે નિર્મળપર્યાય અંતરમાં અભેદ થાય છે. ભેદ ઉપર લક્ષ રહેતાં કોઈપણ ગુણની નિર્મળતા ખીલતી નથી; અભેદવસ્તુના અનુભવમાં એકાગ્ર થતાં બધા ગુણો એક સાથે નિર્મળભાવે પરિણમવા માંડે છે. એવા અનંત ભાવોને પીને એક દ્રવ્ય બેઠું છે–તેને ધર્મી અનુભવે છે. માટે આવો અનુભવ કરનાર ધર્મીને જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદો પણ વિદ્યમાન નથી, એક સર્વોપરી શુદ્ધજ્ઞાયકતત્ત્વ જ તેના અનુભવમાં પ્રકાશે છે. ભિન્નભિન્ન અનંતગુણોનો સ્વાદ છે ખરો પણ તે બધા એક જ્ઞાયકતત્ત્વમાં સમાઈ જાય છે, જ્ઞાયકતત્ત્વના અનુભવમાં તે બધા ગુણોનો સ્વાદ કિંચિત્ એકમેકપણે સમાઈ જાય છે. અનંતધર્મોથી અભેદ આવા આત્માના અનુભવને શુદ્ધ કહીએ છીએ, તેને જે અનુભવે છે તે જ્ઞાની છે.

અભેદના અનુભવમાં ભેદ તો નથી, તો પછી ગુણગુણીના ભેદથી કેમ કથન કર્યું ?

તો કહે છે કે, જે શિષ્ય શુદ્ધઆત્મા સમજવા માટે આવ્યો છે એવા નિકટવર્તી શિષ્યજનને હજી અભેદ આત્માની તો ખબર નથી, તે નિકટવર્તી શિષ્યજનને આત્માનું સ્વરૂપ સમજાવવા માટે ગુણગુણી ભેદ પાડીને કેટલાક ધર્મોવડે કહ્યું કે આત્મા જ્ઞાન છે, આત્મા દર્શન છે, આત્મા ચારિત્ર છે. આવા ભેદ તે વ્યવહાર છે, પણ તે વ્યવહારના તે પરમાર્થ નથી. ભેદ પાડયાં તે કાંઈ ભેદના વિકલ્પમાં અટકવા માટે નથી પાડયા; પણ જેને અભેદતત્ત્વનું લક્ષ નથી તેને તે સમજાવતાં વચ્ચે આવો ભેદ આવી જાય છે; પ્રયોજન ભેદનું નથી, પ્રયોજન તો અભેદતત્ત્વ બતાવવાનું છે. તે અભેદના લક્ષ સહિત આવા ગુણભેદને વ્યવહાર કહેવાય છે. કહેનારનો આશય અભેદનું લક્ષ કરાવવાનો છે, ને 'નિકટવર્તી શિષ્ય' પણ તેવા જ આત્માનો અનુભવ કરવાના ધ્યેયથી સાંભળે છે, એટલે તે ભેદના વિકલ્પમાં ઊભો ન રહેતાં અંતરમાં શ્રીગુરુનો આશય પકડીને અભેદ જ્ઞાયકતત્ત્વપણે પોતાનો અનુભવ કરે છે.

'એકત્વ' ના અનુભવમાં નિર્વિકલ્પ શાંતિ છે; ત્રણ ભેદમાં શાંતિ નથી. અહા, ચૈતન્યના પાતાળમાં ઊંડે લઈ જઈને આત્મા બતાવ્યો છે. ભાઈ, તારે ખરેખરો આત્મા પ્રાપ્ત કરવો હોય (અનુભવમાં લેવો હોય) તો અંદર ચૈતન્યના પાતાળમાં ઊંડે જા. વિકલ્પ તો ચૈતન્યસમુદ્રથી બહાર છે, તે વિકલ્પમાં ઊભો રહીને શોધીશ તો આત્મા નહીં મળે. પ્રભો! તને રાગવાળો ને ભવવાળો અશુદ્ધ કહેવો તે તો કલંક છે, શરમ છે, તેમાં તારી મોટપની સાચી ઓળખાણ નથી; અરે, આત્મા જ્ઞાનવાળો–એવા ગુણભેદના વિકલ્પવડે પણ આત્માની શોભા નથી; આત્માની શોભા, આત્માની ખરી મોટપની ઓળખાણ તો અનંતગુણ–પર્યાયોથી અભેદ એવા એકાકાર જ્ઞાયકતત્ત્વના અનુભવમાં છે. આવો અનુભવ કરનાર ધર્મી જીવ વીતરાગરસના પ્યાલા પીએ છે. આવો અનુભવ કરે તેને સમ્યગ્દર્શન કહેવાય, તે જ જૈન કહેવાય. અહીં તો કહે છે કે આવી અનુભૂતિમાં જ્ઞાનીને અનંતારસથી ભરપૂર એવો જે ચૈતન્યરસ ઘોળાય છે, તેમાં જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદ પણ વિદ્યમાન નથી.

અહો, સંતોએ તો એકલા વીતરાગી ચૈતન્યરસને ઘોળ્યો છે. એ ચૈતન્યરસમાં કોઈ વિકલ્પને અવકાશ નથી. પ્રભુ! આવો આત્મા તું પોતે છો. તારા આવા ચૈતન્યપાતાળમાં ઊંડો ઊતરતાં તેમાં કોઈ વિકલ્પ નથી, એકલો નિર્વિકલ્પ શાંત ચૈતન્યરસ જ અનુભવાય છે. એ ચૈતન્યરસમાં અનંતાગુણની નિર્મળપર્યાયનો રસ સમાઈ ગયો છે. આવો અનુભવ કર્યો ત્યારે 'હું આત્મા આવો છું' એમ ખબર પડી, જ્ઞાયકભગવાન પોતાના શુદ્ધસ્વરૂપે પ્રગટ થયો.

આવા આત્માનો અનુભવ કરવા માટે જે 'નીકટવર્તી' થયો છે, એક તો ગુરુ ઉપરની શ્રદ્ધાપૂર્વક આ સમયસાર સાંભળવા માટે ગુરુ પાસે નીકટ આવ્યો છે ને શુદ્ધઆત્માની વાત સાંભળવા ઊભો છે–એ રીતે 'નીકટવર્તી' છે; અને બીજું–અંદરમાં ભાવથી પણ તે શિષ્ય શુદ્ધ આત્માના અનુભવની નજીક આવ્યો છે માટે 'નીકટવર્તી' છે. તેને અભેદનો હજી અનુભવ નથી એટલે ભેદપૂર્વક અભેદનો ઉપદેશ દે છે પણ તે શિષ્ય પોતે ભેદના વિકલ્પમાં અટકવા માંગતો નથી, તે તો શુદ્ધાત્માના જ અનુભવનો કામી છે, બીજી કોઈ વાતમાં અટકતો નથી; અને શ્રીગુરુ પણ ભેદથી પાર જ્ઞાયકતત્ત્વ બતાવે છે; તેથી શિષ્ય ભેદના વિકલ્પનો પણ નિષેધ કરીને, તે એક અભેદ જ્ઞાયકતત્ત્વને અનુભવમાં લઈ લ્યે છે. આવા અનુભવમાં જ્ઞાયકઆત્માના અનંતધર્મોનો રસ સમાઈ જાય છે; તેમાં ગુણભેદ નથી, એક શુદ્ધજ્ઞાયકપણે જ આત્મા પ્રકાશે છે.

ધર્મીનું સ્વરૂપ સમજાવવા માટે તેના જ્ઞાનાદિ ધર્મોનો ભેદ પાડીને કહ્યું, તેમાં પણ એવા ધર્મો લીધા કે જેનાવડે ધર્મીઆત્માનું પરથી ભિન્નસ્વરૂપ ઓળખાય. રાગવાળો કહીને આત્માને ન ઓળખાવ્યો; પણ 'જ્ઞાન તે આત્મા' એમ કહીને રાગાદિથી રહિત શુદ્ધઆત્મા ઓળખાવ્યો.

ગુણ–પર્યાયોરૂપ પોતાના અનંતધર્મોથી આત્માને જુદાપણું નથી. એક પરમાર્થવસ્તુમાં તેના ગુણ–પર્યાયોનો ભેદ નથી, જુદાઈ નથી. અનુભવમાં જેઓ એકાગ્ર છે તેઓ તો અભેદ જ્ઞાયકવસ્તુને અનુભવે છે, તેમાં તેઓ કોઈ ભેદ ઉપજાવતા નથી; પણ નિકટવર્તી શિષ્યને સમજાવવા જેઓ ઉપદેશ આપે છે તે આચાર્ય, પોતે પણ સવિકલ્પદશામાં આવ્યા છે ને શિષ્યને સમજાવવા ધર્મીના કેટલાક ધર્મોનો ભેદ પાડીને કથન કરે છે કે જ્ઞાની–આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ છે. આત્માને દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ કહ્યો તેમાં રાગ અને શરીરાદિ નીકળી ગયા, વિકલ્પો જુદા પડી ગયા. જ્ઞાનાદિ ધર્મોની એકતા રાગાદિ સાથે નથી પણ આત્મા સાથે જ તેની એકતા છે. આ રીતે ધર્મ દ્વારા પણ રાગાદિથી ભિન્ન એવો આત્મા જ લક્ષમાં આવે છે. ભેદ કહ્યો તે તો માત્ર વ્યવહારથી જ છે; પરમાર્થ તો અનંતધર્મને પી ગયેલી એક અભેદ આત્મવસ્તુ છે, તેનો અનુભવ કરનારને કોઈ ભેદવિકલ્પ નથી. આવો અનુભવ કરનાર આત્માને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

અરે, વિકલ્પમાં આત્મતત્ત્વ કેમ આવે? અનંત ગુણસ્વરૂપ આખી ચૈતન્યવસ્તુ ભેદના વિકલ્પથી કેમ પમાય? જ્યારે જ્ઞાન સર્વે વિકલ્પોથી છૂટું પડીને ચૈતન્યસ્વભાવમાં અભેદ થઈને પરિણમે ત્યારે તેમાં અભેદ દ્રવ્ય આખું અનુભવમાં આવે છે. આ અનુભવમાં અનંત ગુણ–પર્યાયો સમાઈ ગયા છે, એક અભેદ વસ્તુપણે જ આત્મા પ્રસિદ્ધ થાય છે...ગુણ–પર્યાયના ભેદવગરનો આખો આત્મા, અનંતગુણના એકમેક મળેલા સ્વાદપણે અનુભવમાં આવે છે...એટલે તેમાં નિર્વિકલ્પ શાંતરસનું જ વેદન છે; વિકલ્પોની આકુળતા તેમાં નથી.

પર્યાય જ્યાં સ્વભાવસન્મુખ વળીને એકાગ્ર થાય છે ત્યાં એકરૂપતા જ અનુભવમાં આવે છે. તે અનુભવમાં અનંતગુણોનો સ્વાદ એક સાથે છે; તેથી તે ગુણોનો આસ્વાદ કિંચિત્ એકમેક મળી ગયેલો છે. અનંતાગુણના સ્વાદનો આનંદરસ અનુભવમાં છે. આવો સમ્યગ્દ્રષ્ટિનો અનુભવ છે. આત્માનું સ્વરૂપ જ આવું છે. અહા, એકરૂપ આત્માની અનુભૂતિમાં અનંતગુણનો રસ આવે છે. અનુભવનો આવો મહા ચૈતન્યરસ,

તેમાં અનંતગુણનો શુદ્ધસ્વાદ સમાયેલો છે, પણ તેમાં ક્યાંય વિકલ્પ સમાતો નથી. બધા ગુણોની શુદ્ધતાનો સ્વાદ અનુભવમાં છે, પણ તેમાં અશુદ્ધતા નથી; આવા શુદ્ધ ચૈતન્યના અનુભવરસના પ્યાલા જેણે પીધા તેને ચૈતન્યની કોઈ અદ્‌ભુત–અનેરી ખુમારી જામે છે. પછી સંસારનો ( પરભાવનો ) રસ તેને રહેતો નથી.

આવો અભેદ જ્ઞાયકસ્વરૂપનો અનુભવ જે કરે છે તે જ્ઞાની છે; તે જ સાચા ભેદજ્ઞાની પંડિત છે; આવા જ્ઞાનીને પોતાના અનુભવમાં કોઈ ભેદ નથી, વિકલ્પ નથી. એકવાર આવો નિર્વિકલ્પ અનુભવ થયો, ભેદજ્ઞાન થયું, પછી કોઈપણ વિકલ્પને તે જ્ઞાની પોતાના શુદ્ધજ્ઞાયકતત્ત્વમાં ભેળવતા નથી. જ્ઞાયકતત્ત્વ વિકલ્પથી જાુદું ને જાુદું અનુભવે છે. અનુભવ તે પર્યાય છે, પણ તેમાં દ્રવ્ય–પર્યાયના ભેદ રહેતા નથી; એકરૂપ ધર્મીવસ્તુનો અનુભવ છે. આવો અનુભવ થાય ત્યારે જ્ઞાયકભાવ પ્રગટયો કહેવાય.

એકરૂપ જ્ઞાયકતત્ત્વનો અનુભવ કરનાર જ્ઞાનીને ‘દર્શન નથી, જ્ઞાન નથી’ એટલે કે અનુભવમાં ‘આ દર્શન, આ જ્ઞાન’ એવો જાુદો ભેદ રહેતો નથી, પણ અનુભવમાં અભેદપણે તે પર્યાયો સમાઈ જાય છે. જ્ઞાનીને દર્શન–જ્ઞાન–ચારિત્ર નથી એટલે કે જ્ઞાનીના અનુભવમાં દર્શન–જ્ઞાન–ચારિત્રનો ભેદ રહેતો નથી. આ દ્રવ્ય, આ પર્યાય–એવા ભેદ ઉપર લક્ષ રહે ત્યાં સુધી સાચો આત્મા અનુભવમાં આવતો નથી, ત્યાં તો વિકલ્પનો અનુભવ રહે છે. જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદો કાઢી નાંખતા શું રહ્યું ? કે એક શુદ્ધજ્ઞાયકપણે પોતાનો અનુભવ રહ્યો. આવો એકલો જ્ઞાયક એ જ શુદ્ધ છે, વિકલ્પો અને ભેદો તે બધા અશુદ્ધ છે. ભેદ–વિકલ્પોરૂપ અશુદ્ધતાથી પાર જ્ઞાયકનો અનુભવ તે જ એક શુદ્ધ છે; આવો અનુભવ કરનાર જ્ઞાની એમ અનુભવે છે કે–

**‘હું એક જ્ઞાયકભાવ છું’**

卐 卐 卐

# અપૂર્વ જ્ઞાન–આનંદના તરંગસહિત શિષ્ય સમજી જાય છે

શ્રીગુરુએ જ્ઞાયકઆત્મા બતાવ્યો; અને શિષ્યને સમજાવવા માટે એકલો ભેદ પાડીને કહ્યું કે ‘જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ આત્મા છે.’–એટલું સાંભળતાં પણ શિષ્ય દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદના વિકલ્પમાં ઊભો ન રહ્યો પણ જ્ઞાનને અભેદમાં એકાગ્ર

કરીને સીધો આત્માને પકડી લીધો કે અહો! આવો મારો આત્મા ગુરુએ મને બતાવ્યો! આ રીતે શ્રીગુરુએ અભેદ આત્મા સમજાવવા ભેદ પાડીને સમજાવ્યું અને પાત્ર શિષ્ય પણ તત્કાળ ભેદનું લક્ષ છોડીને અભેદ આત્માને સમજી ગયો. વાર ન લગાડી, બીજા કોઈ લક્ષમાં ન અટકયો. પણ તરત જ જ્ઞાનને અંતરમાં ટગટગ એકાગ્ર કરીને આત્માને સમજી ગયો. સમજતાં તેને આત્મામાં શું થયું?–કે તત્કાળ અત્યંત આનંદસહિત સુંદર બોધતરંગ ઊછળવા લાગ્યા. અહા, જ્ઞાન સાથે પરમઆનંદના તરંગ ઊછળ્યા. જાણે આખો આનંદનો દરિયો ઊછળ્યો. પોતામાં જ આનંદનો દરિયો દેખ્યો. નિર્વિકલ્પ અનુભૂતિ કરીને ભગવાનસ્વરૂપે પોતે જ પોતામાં પ્રગટ થયો.

જેમ આ શિષ્યે તત્કાળ નિર્વિકલ્પ આનંદસહિત આત્માનો અનુભવ કર્યો તેમ દરેક જીવમાં એવો અનુભવ કરવાની તાકાત છે. અંદર જ્ઞાનને એકાગ્ર કરવું જોઈએ. વાણીમાં કે વિકલ્પમાં કયાંય ન અટકતાં, શુદ્ધાત્મા ઉપર ટગટગ મીટ માંડીને જ્ઞાનને તેમાં એકાગ્ર કર્યું, ત્યાં અતીન્દ્રિય જ્ઞાનતરંગ પ્રગટયા અને સાથે પરમ આનંદનો અનુભવ થયો.–સમ્યગ્દર્શન થવાનું આ વર્ણન છે. એમાં સમ્યક્ત્વની પાંચે લબ્ધિ પણ સમાઈ જાય છે.

સમ્યગ્દર્શન માટે શુદ્ધ આત્માનું સ્વરૂપ આચાર્યદેવ સમજાવે છે ત્યારે જિજ્ઞાસુ શિષ્ય આંખો ફાડીને એટલે કે સમજવાની ધગશથી જ્ઞાનને એકાગ્ર કરીને લક્ષમાં લ્યે છે; તેને શુદ્ધાત્માને લક્ષમાં લેવાની ઇંતેજારી છે. સાંભળતાં–સાંભળતાં બીજી વાતમાં નથી રોકાતો, પણ ટગટગ મીટ માંડીને સમજવા તરફ જ્ઞાનને એકાગ્ર કરે છે.

શુદ્ધાત્માનું સ્વરૂપ સાંભળતાં તત્કાળ જ તેમાં ઉપયોગ લગાવીવે એકાગ્ર કરે છે, પ્રમાદ કરતો નથી, 'પછી વિચાર કરીશ, ઘરે જઈને પછી કરીશ, ફુરસદે કરીશ'–એમ બેદરકારી કરતો નથી, પણ તત્ક્ષણે જ તેવા શુદ્ધ આત્મામાં ઉપયોગને એકાગ્ર કરે છે ને આનંદપૂર્વક આત્માને અનુભવે છે.–આવી ઉત્તમ પાત્રતાવાળો શિષ્ય તરત જ સમ્યગ્દર્શન પામી જાય છે.

શ્રોતા–શિષ્ય એવો પાત્ર હતો કે ભેદની દ્રષ્ટિ છોડીને સીધો અભેદમાં ઘૂસી ગયો. ભેદનું વ્યવહારનું–શુભનું આલંબન છોડવામાં એને સંકોચ ન થયો; શુદ્ધઆત્માને લક્ષમાં લેતાં જ મહાન આનંદસહિત એવું નિર્મળજ્ઞાન ખીલ્યું કે બધા ભેદનું–વ્યવહારનું–રાગનું આલંબન છૂટી ગયું. જ્ઞાન અને રાગની અત્યંત ભિન્નતા

અનુભવમાં આવી ગઈ. જ્ઞાન સાથે આનંદ હોય છે; જેમાં આનંદનું વેદન નહીં તે જ્ઞાન સાચું જ્ઞાન જ નથી. આનંદ વગરના એકલા જાણપણાને ખરેખર જ્ઞાન કહેતા નથી. એકલું પરલક્ષી જ્ઞાન તે સાચું જ્ઞાન નથી.

શિષ્ય સીધો અભેદને પહોંચી શક્યો ન હતો ત્યાં સુધી વચ્ચે ભેદ હતો, શ્રીગુરુએ પણ ભેદથી સમજાવ્યું હતું, પણ તે ભેદ, ભેદનું આલંબન કરવા માટે ન હતો, વક્તાને કે શ્રોતાને કોઈને ભેદના આલંબનની બુદ્ધિ ન હતી, તેમનો અભિપ્રાય તો અભેદ વસ્તુ જ બતાવવાનો અને તેનો જ અનુભવ કરવાનો હતો. તે અભિપ્રાય તો અભેદ વસ્તુ જ બતાવવાનો અને તેનો જ અનુભવ કરવાનો હતો. તે અભિપ્રાયના બળે જ્ઞાનને અંતરના અભેદ સ્વભાવમાં એકાગ્ર કરીને દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદનું અવલંબન પણ છોડી દીધું...ને તરત જ મહાન અતીન્દ્રિય આનંદ સહિત સમ્યગ્જ્ઞાનના સુંદર તરંગ ખીલી ઊઠયા...સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, પરમ આનંદ થયો. આવી નિર્વિકલ્પ અનુભૂતિ સહિત શિષ્ય પોતાના આત્માનું શુદ્ધસ્વરૂપ સમજી ગયો.

—આવા ભાવથી સમયસાર સાંભળે તેને પણ નિર્વિકલ્પ આનંદના અનુભવ સહિત સમ્યગ્દર્શન થાય જ. અહીં તો કહે છે કે–વાર ન લાગે, પણ તરત જ થાય. પોતાના આત્માની પ્રાપ્તિ માટે જેને સાચી તૈયારી થાય તેને તરત જ તેની પ્રાપ્તિ થાય જ; અરે, આકાશમાંથી ઊતરીને સંતો તેને શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવે.–જેમ મહાવીરના જીવને સિંહના ભવમાં, અને ઋષભદેવના જીવને ભોગભૂમિના ભવમાં સમ્યક્ત્વની તૈયારી થતાં ઉપરથી ગગનવિહારી મુનિઓએ ત્યાં ઊતરીને તેને આત્માનું સ્વરૂપ સમજાવ્યું, ને તે જીવો પણ સમ્યગ્દર્શન પામ્યા. કેવી રીતે પામ્યા ?–તે વાત આ ગાથામાં સમજાવી છે. ભેદનું લક્ષ છોડી, અનંતધર્મથી અભેદ આત્મામાં જ્ઞાનને એકાગ્ર કરતાં, નિર્વિકલ્પ આનંદના અનુભવસહિત સમ્યગ્દર્શન પામ્યા...સુંદર બોધતરંગ ઉલ્લસ્યા. આ રીતે તત્કાળ સમ્યગ્દર્શન થવાની રીત સમજાવીને સંતોએ તો માર્ગ સરલ કરી દીધો છે.

**ધન્ય એ સંતો ! ધન્ય એના ભાવ ઝીલનારા શિષ્યો !**

**ચેતનસ્વભાવી આતમરામ,**
**રાગભાવ તે બંધનું કામ.**

# પ્રતિપાદન કરવું છે પરમાર્થનું.
# તું પરમાર્થતત્ત્વને અનુભવમાં લેજે.

**વચ્ચે ભેદના વિકલ્પ આવે તેનાથી જ્ઞાનને ઊંચું રાખજે.**

**અગિયારમી ગાથાના ઉપોદ્‌ઘાતમાં ગુરુદેવ કહે છે કે-જૈન સિદ્ધાંતનો પ્રાણ કહો, મોક્ષમાર્ગનું મૂળ કહો, વીતરાગી સંતોના અનુભવનું હાર્દ કહો, સમ્યગ્દર્શનની રીત કહો, કે પહેલાંમાં પહેલો ધર્મ કહો-તેનું અલૌકિક સ્વરૂપ આ ગાથામાં આચાર્યદેવે પ્રસિદ્ધ કર્યું છે. નિશ્ચય-વ્યવહારના બધા ખુલાસા આમાં આવી જાય છે. આ ગાથાના ભાવો સમજતાં બધા શાસ્ત્રોનું હાર્દ સમજાઈ જાય છે...અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે...ને આનંદરસની ધારા આત્મામાં વહે છે.**

**( -જય હો ભરતક્ષેત્રના રાજા સમયસારભગવાનનો ! )**

જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ આત્મા છે—એવા ગુણગુણીભેદરૂપ વ્યવહાર દ્વારા પરમાર્થતત્ત્વ કહેવામાં આવ્યું, તે પરમાર્થતત્ત્વ જેણે અનુભવમાં લઈ લીધું, ને ભેદનું અવલંબન છોડી દીધું–તેને માટે ‘વ્યવહાર તે પરમાર્થનો પ્રદિપાદક’ કહ્યો. પણ વ્યવહારના ભેદના વિકલ્પમાં જ જે અટકી જાય, ને ભેદના વિકલ્પને ઉલ્લંઘીને અભેદમાં ન પહોંચે તેને સમજાવે છે કે હે ભાઈ ! વ્યવહાર તો બધોય અભૂતાર્થ છે. વ્યવહાર પોતે કાંઇ પરમાર્થ નથી.—વ્યવહારને પરમાર્થનો પ્રતિપાદક ત્યારે જ કહેવાય કે જ્યારે તે વ્યવહારનું લક્ષ છોડીને અભેદરૂપ પરમાર્થને લક્ષમાં લઈ લ્યે. પરમાર્થ કહો કે ભૂતાર્થ કહો,–તે એક શુદ્ધ જ્ઞાયકભાવ છે, એવા ભૂતાર્થસ્વભાવને શુદ્ધનયવડે અનુભવવો તે જ સમ્યગ્દર્શન છે.—આવા સમ્યગ્દર્શનનું પ્રતિપાદન કરનાર આ ૧૧મું સૂત્ર તે જૈન–

સિદ્ધાંતનો પ્રાણ છે; વીતરાગી સન્તોના હાર્દ સમયસારની ૧૧મી ગાથામાં છે.

વ્યવહારનય અભૂતાર્થ છે, અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષિવરોએ દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિ છે. જુઓ, આ સમ્યગ્દર્શનનો અમોઘ ઉપાય! બધાય સંતોના અનુભવનું હાર્દ આ ગાથામાં સમાઈ જાય છે.

પહેલાં ‘જ્ઞાન તે આત્મા’ એવા વ્યવહારને પરમાર્થનો પ્રતિપાદક કહ્યો, ને વળી તે ‘વ્યવહારનય અનુસરવા જેવો નથી’–એમ પણ કહ્યું. હવે, જો વ્યવહાર તે પરમાર્થનો પ્રતિપાદક છે તો તે વ્યવહારનયને કેમ ન અનુસરવો? એવા પ્રશ્નનો આ ગાથામાં ખુલાસો છે; અને સમ્યગ્દ્રષ્ટિના અનુભવનું સ્પષ્ટીકરણ છે.

હે ભાઈ! આત્માના ભૂતાર્થ–સત્ય સ્વભાવને દેખનારો શુદ્ધનય તે જ ભૂતાર્થ છે; વ્યવહારનય તો અભૂતાર્થભાવને દેખનારો હોવાથી અભૂતાર્થ છે. તે અભૂતાર્થસ્વરૂપે, અશુદ્ધસ્વરૂપે, રાગવાળોને સંયોગવાળો આત્માને દેખવાથી કે અનુભવવાથી સમ્યગ્દર્શન થતું નથી, શુદ્ધનયવડે શુદ્ધ–ભૂતાર્થ આત્માને અનુભવવાથી જ સમ્યગ્દર્શન થાય છે. આ રીતે ભૂતાર્થનો આશ્રય કરનારા જ સમ્યગ્દ્રષ્ટિ છે; માટે વ્યવહારનય અનુસરવા જેવો નથી.—આ સિદ્ધાંત તે જૈનદર્શનનો પ્રાણ છે; આ મોક્ષમાર્ગનું મૂળ છે.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે તેની આ વાત છે.

આત્માને કર્મના સંબંધવાળો અશુદ્ધ કહેનારો વ્યવહાર હો, કે ‘જ્ઞાન તે આત્મા’ એમ ગુણભેદ કહેનારો વ્યવહાર હો, કોઈપણ વ્યવહાર હો, તે બધોય વ્યવહાર આત્માના સહજ એક જ્ઞાયકસ્વભાવને બતાવતો નથી, પણ અભૂતાર્થરૂપ ભાવોને (સંયોગને, રાગને કે ભેદને) બતાવે છે, ને એવા જ આત્માને અનુભવતાં–શ્રદ્ધતાં સમ્યગ્દર્શન થતું નથી, માટે તે બધો વ્યવહાર આશ્રય કરવા જેવો નથી. શુદ્ધનય જ અંતર્મુખ થઈને આત્માને સહજ એક જ્ઞાયકસ્વભાવપણે અનુભવે છે, તેથી તે શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. તેનો આશ્રય કરવો, એટલે કે શુદ્ધનયઅનુસાર શુદ્ધાત્માને અનુભવવો–તે સમ્યગ્દર્શન છે. તે જ જૈનધર્મનો આત્મા છે. જ્યાં આવા શુદ્ધનયરૂપ પ્રાણ છે ત્યાં જ જૈનધર્મ જીવંત છે. આવા શુદ્ધનયથી શુદ્ધાત્માના જ્ઞાન–શ્રદ્ધાન વગર જૈનધર્મ હોતો નથી.

દ્રવ્ય તે દ્રવ્ય છે, પર્યાય તે પર્યાય છે; પર્યાયપણે તો પર્યાય સત્ છે, પણ પર્યાય તે આખું દ્રવ્ય નથી. જ્યારે ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરીને પર્યાય પરિણમી, ત્યારે

અભેદસ્વભાવ એક જ અનુભવમાં રહ્યો ને પર્યાય ગૌણ થઈ ગઈ એટલે તે અભૂતાર્થ થઈ ગઈ. પર્યાય છે જ નહિ–માટે અભૂતાર્થ કીધી–એમ નથી, પર્યાયરૂપે પર્યાય છે પણ અભેદસ્વભાવના અનુભવમાં તેનું લક્ષ રહેતું નથી માટે તે પર્યાય અભૂતાર્થ છે.

આત્મવસ્તુ દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ છે. આવી વસ્તુ તે પ્રમાણ છે. આવો આત્મા, પરથી તદ્દ્ન ભિન્ન છે. હવે પોતામાં દ્રવ્ય અને પર્યાય એવા બે અંશ છે. તેમાં પર્યાય તે વ્યવહારનયનો વિષય છે. શુદ્ધનયનો વિષય ભૂતાર્થ સ્વભાવ છે–તેમાં પર્યાય ગૌણ છે.

દ્રવ્યઅંશ, પર્યાય અંશ–એમ બે અંશો છે, તેમાં દ્રવ્ય તે પર્યાય નથી, પર્યાય તે દ્રવ્ય નથી–એવું જુદાપણું છે; પણ વસ્તુમાં જુદાપણું નથી.

આત્મામાં પર્યાય છે જ નહિ–એવો કાંઈ નિષેધ નથી. પણ અભેદનો અનુભવ કરાવવાનું પ્રયોજન હોવાથી, અભેદને મુખ્ય કરીને તેને નિશ્ચય કહીને તેનો આશ્રય કરાવ્યો; અને ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહીને તેનો નિષેધ કર્યો. કેમકે પર્યાયના ભેદરૂપ વિશેષ ઉપર લક્ષ રહેતાં સમભાવ–નિર્વિકલ્પદશા થતી નથી, પણ રાગાદિ વિકલ્પ ઉત્પન્ન થાય છે; ને અભેદરૂપ ભૂતાર્થસ્વભાવ સામાન્ય છે તેના આશ્રયે સમભાવ એટલે નિર્વિકલ્પદશા થાય છે. માટે અભેદરૂપ સામાન્યના અનુભવમાં પર્યાયના ભેદનો અભાવ જ કહ્યો છે. ત્યાં પર્યાય છે તો ખરી, પર્યાયે જ અંતરમાં વળીને સામાન્યનો આશ્રય કર્યો છે, પણ ત્યાં અભેદમાં ભેદ ગૌણ થઈ જાય છે, તેનું લક્ષ રહેતું નથી.

સમ્યગ્દર્શનના અનુભવમાં રાગાદિ અશુદ્ધભાવોરૂપ અસદ્ભુત વ્યવહાર તો નથી; ને ‘આ શુદ્ધપર્યાય આ દ્રવ્યની છે’–એવા ભેદરૂપ સદ્ભુત વ્યવહાર પણ સમ્યગ્દર્શનના વિષયમાં રહેતો નથી. અભેદને અમેચક એટલે શુદ્ધ કહે છે, ને ભેદને મેચક એટલે અશુદ્ધ કહે છે. ભલે નિર્મળપર્યાયનો ભેદ હો, પણ તે ભેદનો વિકલ્પ તો અશુદ્ધ છે, ભેદના આશ્રયે અશુદ્ધતા થાય છે. ભેદરૂપ પર્યાયદ્રષ્ટિમાં રાગ–દ્વેષ અશુદ્ધતાનો અનુભવ થાય છે; ને અભેદરૂપ સામાન્યનો આશ્રય લેતાં વીતરાગી સમભાવ થાય છે. તથા અભેદના અનુભવમાં પર્યાય હોવા છતાં, તેનું લક્ષ નથી તેથી તે અભૂતાર્થ છે.

વસ્તુમાં સામાન્ય અને વિશેષ એવા બે અંશ છે. તેમાં વિશેષઅંશ તે સામાન્ય નથી, સામાન્ય અંશ તે વિશેષ નથી; પણ વસ્તુમાં એક સાથે બંને અંશ છે.

હવે એકલા પર્યાયઅંશથી વસ્તુને જોતાં મિથ્યાત્વ થાય છે; અનાદિથી જીવને પર્યાયબુદ્ધિ તો છે. હવે સામાન્ય વસ્તુ તરફ ઝુકીને ચાલતી પર્યાયે તેનો આશ્રય લીધો

ત્યાં સામાન્યના લક્ષે પર્યાયનું લક્ષ છૂટી ગયું, માટે ત્યાં પર્યાય નથી એમ કહ્યું છે. ત્યાં એકલા પરમ સ્વભાવમાં પર્યાય એકાગ્ર થઈને અભેદને અનુભવે છે. આવા અનુભવમાં દ્રવ્યના પરમસ્વભાવનો આત્મલાભ છે.

ત્રિકાળી અખંડ સ્વભાવનો અનુભવ તે ભૂતાર્થનો આશ્રય છે, ને તે અનુભવમાં પર્યાયના કોઈ ભેદનું લક્ષ રહેતું નથી; ત્યાં પર્યાય છે પણ તે ગૌણ થઈ જાય છે એટલે તેનું લક્ષ છૂટી જાય છે ને એક ભૂતાર્થ સર્વોપરી પરમતત્ત્વ જ અનુભૂતિમાં પ્રકાશમાન રહે છે.

સમ્યગ્દર્શનમાં સત્ય વસ્તુનો સ્વીકાર થાય છે. તે સત્ય એટલે શું? તેનું આ વર્ણન છે. શુદ્ધનયના વિષયરૂપ એક અભેદ સ્વભાવ છે તે ભૂતાર્થ છે; ને વ્યવહારનયના વિષયરૂપ પર્યાયભેદ વગેરે અભૂતાર્થ છે. જુઓ, આમાં કાંઈ વેદાંત જેવો પર્યાયનો અભાવ નથી; પર્યાયરૂપ ધર્મ તો સત્‌માં છે, પણ શુદ્ધનયથી એક અભેદના મુખ્ય અનુભવમાં પર્યાયનો ભેદ રહેતો નથી માટે તે પર્યાયને ગૌણ કરીને તેને અસત્ કહેલ છે. સાધક દશાની આ વાત છે. જેણે સ્વસન્મુખ થઈને વસ્તુની શુદ્ધતાને સાધવી છે– એવો જીવ શું કરે છે? કે અંતર્મુખ થઈને ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરે છે; અને પર્યાયનો (શુદ્ધ કે અશુદ્ધ બધા ભેદનો) આશ્રય છોડે છે. એક શુદ્ધ વસ્તુના અનુભવમાં પર્યાયની અનેકતાનું લક્ષ છૂટી જાય છે. પર્યાય તો દ્રવ્યના આશ્રયમાં ઘૂસી ગઈ, ત્યાં તે પર્યાયને પર્યાયનું લક્ષ ન રહ્યું, એકાકાર જ્ઞાયકવસ્તુના અનુભવમાં જ પર્યાય મગ્ન થઈ, પરમ આનંદનો જ અનુભવ રહ્યો.—તેથી આવા આત્માને સાચો આત્મા ગણ્યો, તેને ભૂતાર્થ કહ્યો, તેને સત્યાર્થ કહ્યો; તેના આશ્રયને સમ્યગ્દર્શન કહ્યું—આવો અનુભવ તે જૈનધર્મ છે. આ ગાથામાં તેનું સ્વરૂપ બતાવ્યું છે તેથી આ ગાથા જૈનધર્મનો પ્રાણ છે.

**ઉત્તમ તીર્થ કયું?** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો આત્મા તે ઉત્તમ ભાવતીર્થ છે; સંસારને તે પોતે તરી રહ્યો છે, ને બીજાને તરવામાં નિમિત્ત છે. તથા એવા ભાવતીર્થના વિહારથી પાવન થયેલા તીર્થો, તેમાં ઉત્તમ તીર્થ સમ્મેદશિખર છે.



# જ્ઞાનીની ચૈતન્યપરિણતિ વિકલ્પોને સ્પર્શતી નથી

(નિયમસાર પાનું ૩૦૩ કારતક વદ ૯)

❁ વિકલ્પોની ઉત્પત્તિ રાગની ભૂમિકામાંથી થાય છે,–ચૈતન્યભૂમિકામાં તો નિર્વિકલ્પઆનંદની ઉત્પત્તિ છે, તેમાં વિકલ્પની ઉત્પત્તિ નથી.

અંતરના ભગવાન સાથે ભેટો ચેતના–અનુભૂતિવડે થાય છે.

❁ વિકલ્પ છે તે ચૈતન્યરસ નથી. ચૈતન્યનો રસ, ચૈતન્યનો ભાવ તો એકલા સમરસ સ્વભાવરૂપ છે, પરમશાંત અનુભૂતિરૂપ છે;

❁ જ્યાં આવા ચૈતન્યભાવપણે આત્મા જાગ્યો ને ‘હું ચિન્માત્ર શાંતિનો સાગર છું’ એવી અનુભૂતિરૂપ થયો ત્યાં તત્ક્ષણે જ વિકલ્પોની મોટી ઇન્દ્રજાળ અલોપ થઈ જાય છે.

❁ અરે, વિકલ્પો તો ભવભય કરનારા છે, તે કાંઈ શાંતિ દેનારા નથી. ભલે બહારનો વિકલ્પ હો કે અંદરનો વિકલ્પ હો—તેમાં ભય છે, અશાંતિ છે.

❁ ચૈતન્યની અનુભૂતિ તો પરમ આનંદદાતા છે, તેમાં કોઈ ભય નથી.

❁ ચૈતન્યની અનુભૂતિ તે જ આત્માનું અભ્યંતર અંગ છે, વિકલ્પો તો બાહ્ય છે, તે કાંઈ ચૈતન્યનું અંગ નથી. અહો, આવી અંતરંગ અનુભૂતિવડે આત્મા પોતાની અંદર કોઈ અદ્‌ભુત પરમ તત્ત્વને દેખે છે, જેને દેખતાં મહા આનંદ થાય એવું અંતરંગ તત્ત્વ આત્મા પોતે છે. જેના ઉપર જ્ઞાનનું લક્ષ જતાં જ વિકલ્પો દૂર થઈ જાય છે.—આવું અંગત તત્ત્વ આ ચૈતન્યસ્વરૂપ આત્મા છે.

❁ વિકલ્પ વિકલ્પમાં વર્તે છે, જ્ઞાન જ્ઞાનમાં વર્તે છે, વિકલ્પમાં જ્ઞાન વર્તતું નથી, જ્ઞાનમાં વિકલ્પ નથી. આમ બંનેની ભિન્નતા જાણનાર જ્ઞાની, જ્ઞાનમાં જ વર્તે છે, જ્ઞાનીની જ્ઞાનપરિણતિ આત્મામાં જ તન્મયરૂપ વર્તે છે, વિકલ્પભાવે નથી વર્તતું. આવી અદ્‌ભુત જ્ઞાનપરિણતિ પોતામાં આનંદના સાગર ચૈતન્ય ભગવાનને ઝીલે છે, વિકલ્પને તે નથી ઝીલતી, તેને તે પોતામાં પ્રવેશવા દેતી નથી. અહા, પરિણતિ ચૈતન્યતત્ત્વમાં પ્રવેશી ગઈને વિકલ્પોથી છૂટી ગઈ, તે હવે વિકલ્પોને સ્પર્શતી નથી. આવી પરિણતિ થાય ત્યારે જ્ઞાની ઓળખાય.

# વાહ રે વાહ સાધકદશા

## શુદ્ધતત્ત્વના સતત અનુભવમાં, અમને બીજી કોઈ ચિંતા નથી

( માહ સુદ બીજ નિયમસાર કળશ ૩૨–૩૩–૩૪ )

વાહ રે વાહ! જુઓ તો ખરા આ સાધકની દશા! આનંદસ્વરૂપના સાધકને વળી બીજી ચિન્તાના બોજા કેવા? આનંદના અવસરમાં શોક કેવા? અમે તો બીજા બધાયની ચિંતા છોડીને, અમારા શુદ્ધતત્ત્વને એકને જ આનંદપૂર્વક અનુભવીએ છીએ. આવો અનુભવ કરીને સંતો પોતે ન્યાલ થયા છે, અને જગતને પણ તેની રીત બતાવીને ન્યાલ કર્યું છે.

ચૈતન્યના સુખમાં મગ્ન જીવ પોતાના નિજભાવથી ભિન્ન એવા સર્વે બાહ્યપદાર્થોમાં સુખની કલ્પના છોડે છે. પુણ્યજનિત અનુકૂળતાના ગંજ હો કે પાપજનિત પ્રતિકૂળતાના ગંજ હો–બંનેથી પાર, મારો આત્મા જ ચૈતન્યસુખનો સમુદ્ર છે–એમ ધર્મીજીવ સ્વાનુભૂતિથી પોતામાં મગ્ન થાય છે, ત્યાં બહારની ચિંતા શી?

ધર્મી કહે છે કે અહો! વિભાવ વગરનો અમારો શુદ્ધ સ્વભાવ પરમ આનંદથી ભરેલો અમારા અંતરમાં વિદ્યમાન બિરાજી રહ્યો છે, અમે સતત એને અનુભવી રહ્યા છીએ, પછી બીજી કોઈ ચિતા અમને નથી.

બાપુ! તારે શાંતિ જોઈતી હોય તો તારા આવા તત્ત્વને તું અનુભવમાં લે, તારા અંતરમાં જ તે બિરાજી રહ્યું છે. જેમાં સર્વે રાગદ્વેષ–અશાંતિરૂપ વિભાવો અસત્ છે એવો આત્માનો સહજ સ્વભાવ, તેનો અનુભવ કરો! અમે તેનો સતત અનુભવ કરી રહ્યા છીએ ને તમે પણ સુખી થવા માટે તેને જ અનુભવો. આવા તત્ત્વના અનુભવ સિવાય બીજા કોઈ પ્રકારે આ જગતમાં ક્યાંય પણ કિંચિત્ સુખ નથી–નથી. અરે, જે

તારા સત્‌માં નથી તેમાં તારું સુખ કેમ હોય? માટે સંયોગની ને વિભાવની ચિંતા છોડીને, તારા પરિણામને આ ચૈતન્યતત્ત્વમાં એકાગ્ર કર. સ્વતત્ત્વમાં જ્યાં પરિણામ એકાગ્ર થયા ત્યાં તેમાં કોઈ ચિંતા નથી, દુઃખ નથી. બહારની ચિંતા છોડીને, અંતરમાં દૃષ્ટિ જોડીને, શુદ્ધસ્વભાવનો અનુભવ કરવો તે એક જ મુક્તિનો પંથ છે, એના સિવાય બીજા કોઈ માર્ગમાં મુક્તિ નથી, નથી.

અહા, અમારા ચૈતન્યસ્વભાવનું સત્‌પણું, તેમાં વિભાવ કેવો! અમારા ચૈતન્યભાવમાં પરભાવોનો પ્રવેશ જ નથી. આવા સ્વભાવને અમે સતત અનુભવી રહ્યા છીએ. એમાં વિભાવો છે જ નહીં પણ તેની ચિંતા શી? જુઓ તો ખરા! ધર્મી જીવ નિશ્ચિતપણે, નિર્ભયપણે સ્વતત્ત્વને અનુભવે છે. અરે, જગતની ચિંતા અમારામાં કેવી? અમારા આનંદમય સ્વતત્ત્વમાં પરની ચિંતા કેવી? અમારી શાંત–નીરાકૂળ અનુભૂતિમાં ચિંતાના દુઃખનો બોજો કેવો? અમારા જ્ઞાનમાં તો અમારું આખું ચિદાનંદતત્ત્વ બિરાજી રહ્યું છે, તે જ્ઞાનમાં પરભાવનો બોજો નથી. જ્ઞાન પરભાવોથી છૂટું પડીને અંતરના પરમાત્મતત્ત્વમાં લીન થયું તે જ્ઞાન આનંદપૂર્વક મોક્ષને સાધી જ રહ્યું છે.

વાહ રે વાહ! જુઓ તો ખરા આ સાધકની દશા! આનંદસ્વરૂપના સાધકને વળી બીજી ચિંતાના બોજા કેવા? આનંદના અવસરમાં શોક કેવા? અમે તો બીજા બધાયની ચિંતા છોડીને, અમારા શુદ્ધતત્ત્વને એકને જ આનંદપૂર્વક અનુભવીએ છીએ. આવો અનુભવ કરીને સંતો પોતે ન્યાલ થયા છે, અને જગતને પણ તેની રીત બતાવીને ન્યાલ કર્યું છે.

અંતરમાં ઊતરીને સિદ્ધ સાથે વાતું કરી છે કે અહો સિદ્ધભગવંતો! આપ મોક્ષદશામાં પહોંચી ગયા, ને હું પણ આપના માર્ગે આત્માનો અનુભવ કરતો કરતો મોક્ષમાં આવી રહ્યો છું. પ્રભો! મારા જ્ઞાનમાંથી પરભાવોના બધા બોજા મેં કાઢી નાંખ્યા છે. ધર્માત્માને પોતાના અનુભવથી નક્કી થઈ ગયું છે કે અમારી ચેતનાના સ્વાનુભવમાં પરભાવનો અંશ પણ નથી, એવી ચેતના વડે અમે મોક્ષને સાધી જ રહ્યા છીએ પછી બીજી ચિંતાનું શું પ્રયોજન છે? ચેતના પ્રગટી ત્યાં ચિંતાના તો ચૂરા થઈ ગયા. આ સંસાર ટાળું ને મોક્ષ કરું–એવી ચિંતા પણ સ્વાનુભૂતિમાં નથી. અમારું એક પરમ તત્ત્વ જ અમારા અંતરમાં નિરંતર પ્રકાશી રહ્યું છે.–આ બુધપુરુષોનો અનુભવ છે.




## ❀ અમે જિનવરનાં સન્તાન ❀ ( નવા સભ્યોનાં નામ )

( બંધુઓ, આ વખતે આપણા નવા સભ્યોનાં નામ લાંબા વખતે રજુ થાય છે. હમણાં કેટલાંક વખતથી 'બાલવિભાગ' આપી શકતા ન હતા, તેથી કેટલાક બાળકો તરફથી તેની માગણી આવી હતી. બાલવિભાગના હજારો બાળકોનો ધર્મપ્રેમ ખરેખર પ્રશંસનીય છે. વધુને વધુ બાળકો રસ લેતા હોવાથી આપણી સભ્ય સંખ્યા ત્રણ હજારનો આંક વટાવીને આગળ વધી રહી છે. જિનવરનાં સંતાન થવાનું કોને ન ગમે ?–અમને ગમે...સૌને ગમે ! પણ જિનવરના સંતાન થવામાં જવાબદારી છે તે તમને ખબર હશે જ ! છતાં ફરી યાદ કરીએઃ પ્રથમ તો દરરોજ ભગવાનનાં દર્શન કરવા; તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો; સીનેમા જોવી નહીં; રાત્રે ખાવું નહીં–**જય જિનેન્દ્ર** ! હવે આપણા નવા ભાઈ–બહેનોનાં નામ વાંચો...ને પરસ્પર ધર્મવાત્સલ્ય કરો. )

| | | |
|---|---|---|
| ૨૯૫૨ | સુષ્માબેન મહેન્દ્રકુમાર જૈન | જમશેદપુર |
| ૨૯૫૩ | સંધ્યાબેન મહેંદ્રકુમાર જૈન | જમશેદપુર |
| ૨૯૫૪ | શ્રુતકુમાર કુમુદચંદ જૈન | મુંબઈ–૬ |
| ૨૯૫૫ | અતુલકુમાર હસમુખલાલ જૈન | દાહોદ |
| ૨૯૫૬ | નિર્મલકુમાર સુભાષચંદ્ર જૈન | મુંબઈ–૨૮ |
| ૨૯૫૭ | વિનોદાબેન દીપચંદ જૈન | તલોદ |
| ૨૯૫૮ | પ્રવીણચંદ્ર અને નરેશ દીપચંદ જૈન | તલોદ |
| ૨૯૫૯ | આરતિબેન પી. જૈન | મુંબઈ– |
| ૨૯૬૦ | પૂર્ણિમાબેન રસિકલાલ જૈન | બિલિમોરા |
| ૨૯૬૧ | જયરાજકુમાર રસિકલાલ જૈન | બિલિમોરા |
| ૨૯૬૨ | હિતેશ અને મનોજ એચ. જૈન | રાજકોટ |
| ૨૯૬૩ | ચેતન અને નયના એચ. જૈન | રાજકોટ |
| ૨૯૬૪ | હિતેન્દ્રકુમાર એચ. જૈન | રાજકોટ |
| ૨૯૬૫ | સતીશ–મયુર અને રીટા એચ. જૈન | મુંબઈ–૭૭ |
| ૨૯૬૬ | રાજેન્દ્ર અને મહેશ એમ. જૈન | જામનગર |
| ૨૯૬૭ | પલ્લવીબેન એમ. જૈન | જામનગર |
| ૨૯૬૮ | હર્ષદરાય અમૃતલાલ જૈન | ઉમરાળા |
| ૨૯૬૯ | વીરેન્દ્ર અને ભરત વી. જૈન | કલકત્તા–૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯૭૦ | દિલીપ અને રાજેશ એમ. જૈન | હિંમતનગર | ૨૯૯૬ | ઇલાબેન-સરોજબેન અરવિંદકુમાર જૈન | જામનગર |
| ૨૯૭૧ | પતીન અને પારૂલ એમ. જૈન | હિંમતનગર | ૨૯૯૭ | ઉષા-હિના-અલ્પાબેન અરવિંદકુમાર જૈન | જામનગર |
| ૨૯૭૨ | રમેશ અને કાંતિલાલ એમ. જૈન | હિંમતનગર | ૨૯૯૮ | જયશ્રીબેન પ્રભુલાલ જૈન | જામનગર |
| ૨૯૭૩ | પરેશકુમાર મનહરલાલ જૈન | મુંબઈ | ૨૯૯૯ | ધવલ અને ચારૂબેન નાનચંદ જૈન | કલકત્તા |
| ૨૯૭૪ | સોનલબેન બબાલાલ જૈન | ફત્તેપુર | ૩૦૦૦ | દીવાકર આર. જૈન | Hoboken U.S.A |
| ૨૯૭૫ | છાયાબેન-રાજુલબેન બબાલાલ જૈન | ફત્તેપુર | ૩૦૦૧ | મયુરીબેન આર. જૈન | જામનગર |
| ૨૯૭૬ | કિરણ-મયુર-જંબુકુમાર ચંપકલાલ જૈન | ફત્તેપુર | ૩૦૦૨ | નીતાબેન એમ. જૈન | જામનગર |
| ૨૯૭૭ | સરોજબેન-નીતાબેન મીઠાલાલ જૈન | રણાસણ | ૩૦૦૩ | અતુલ અને પ્રતિભા શરદકુમાર જૈન | દાહોદ |
| ૨૯૭૮ | શૈલેશકુમાર મીઠાલાલ જૈન | રણાસણ | ૩૦૦૪ | ચંદ્રકાન્ત ગેંદાલાલ જૈન | દાહોદ |
| ૨૯૭૯ | જ્યોતિબેન-જાગૃતીબેન નગીનદાસ જૈન | રણાસણ | ૩૦૦૫ | અમિતાબેન જયંતિલાલ જૈન | દાહોદ |
| ૨૯૮૦ | હસમુખ અને શર્મિષ્ઠાબેન ચંદુલાલ જૈન | રણાસણ | ૩૦૦૬ | શૈલા અને રાજેન્દ્ર રિખવદાસ જૈન | ઘોડનદી |
| ૨૯૮૧ | હેમલતાબેન જયંતિલાલ જૈન | રણાસણ | ૩૦૦૭ | નીપાકુમારી નરેન્દ્રભાઈ જૈન | દિલ્હી |
| ૨૯૮૨ | કમલેશ અને પરેશ જયંતિલાલ જૈન | રણાસણ | ૩૦૦૮ | સાધનાકુમારી દુલીચંદ જૈન | ખૈરાગઢ |
| ૨૯૮૩ | આશુતોષ-રાજહંસ અજિતકુમાર | અમદાવાદ | ૩૦૦૯ | વિજયકાન્ત અમરચંદ જૈન | મોરબી |
| ૨૯૮૪ | સ્મિતા-પ્રીતિબેન કિરિટકુમાર જૈન | મુંબઈ-૮૬ | ૩૦૧૦ | રાજેશકુમાર અમરચંદ જૈન | મોરબી |
| ૨૯૮૫ | સંજય હર્ષદરાય જૈન | ભાવનગર | ૩૦૧૧ | ભારતીબેન હિંમતલાલ જૈન | ભાવનગર |
| ૨૯૮૬ | જયંત અને મીનેષ હસમુખરાય જૈન | અમદાવાદ | ૩૦૧૨ | કલ્પનાબેન હિંમતલાલ જૈન | ભાવનગર |
| ૨૯૮૭ | દર્શના અને સંજીવ જે. પ્રતાપ જૈન | મુંબઈ | ૩૦૧૩ | વિનોદકુમાર જૈન | છીન્દવાડા |
| ૨૯૮૮ | રેણુકા-સુરેખા-ભાવનાબેન ચં. જૈન | રાજકોટ | ૩૦૧૪ | હરીશ રસિકલાલ જૈન | મુંબઈ |
| ૨૯૮૯ | મહેન્દ્ર-વીરેન્દ્ર ચંપકલાલ જૈન | રાજકોટ | ૩૦૧૫ | ભાવનાબેન રસિકલાલ જૈન | મુંબઈ |
| ૨૯૯૦ | કાર્તિક આર. જૈન | સાવરકુંડલા | ૩૦૧૬ | તેજલબેન ગુણવંતરાય જૈન | કલકત્તા |
| ૨૯૯૧ | પ્રદીપ-સુધા-અનિતાબેન નવલકિશોર જૈન | માતર | ૩૦૧૭ | ચીરાગ ગુણવંતરાય જૈન | કલકત્તા |
| ૨૯૯૨ | મયુરી-ચંદ્રેશ-વિપુલ દિનેશચંદ્ર જૈન | માતર | ૩૦૧૮ | પ્રવીણચંદ્ર કચરાલાલ જૈન | મુંબઈ |
| ૨૯૯૩ | હિતેશકુમાર ચંદુલાલ જૈન | જામનગર | ૩૦૧૯ | અચલાબેન શાંતિલાલ જૈન | ભાવનગર |
| ૨૯૯૪ | વર્ષાબેન ચુનીલાલ જૈન | રાજકોટ | ૩૦૨૦ | પરિનાબેન પી. જૈન | કલકત્તા |
| ૨૯૯૫ | હર્ષા અને અતુલ વિનયકાંત જૈન | લાઠી | ૩૦૨૧ | ભાવેશકુમાર પી. જૈન | કલકત્તા |

## વૈરાગ્ય સમાચાર-

- કુમારી પ્રતિભાબેન પાનાચંદ જૈન શાંતાક્રૂઝ–મુંબઈ માત્ર ૧૮ વર્ષની વયે લકવાની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ આપણા બાલવિભાગના એક સભ્ય (નં ૧૪૭૭) હતા. (આપ જ્યારે આ વૈરાગ્યસમાચાર વાંચો ત્યારે સ્વર્ગસ્થ સભ્યની સ્મૃતિમાં પાંચ નમસ્કારમંત્ર ગણજો.) આ સંબંધી પત્રમાં તેમના વડીલ લખે છે કે– ‘બાલવિભાગમાં અવારનવાર પુસ્તકો મળતા તેથી સુંદર સંસ્કાર મળતા. સર્વે જીવોએ હિતની દૃષ્ટિ માટે આત્મધર્મ સમજવાની જરૂર છે. આત્માની અનંતશક્તિને કેળવવા આપની સંસ્થા વધુને વધુ પ્રેરણા આપતી રહો’.
- શ્રી મહાવીર કીર્તિજી મહારાજ તા. ૬–૧–૭૨ની રાત્રે મહેસાણા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગતસાલ તેઓશ્રી સંઘસહિત ગીરનારમાં ચોમાસું રહ્યા હતા. તથા થોડા જ દિવસો પહેલાં પાલીતાણા જતાં સોનગઢ પણ આવ્યા હતા; ને ત્યાં બંધાઈ રહેલા ભવ્ય પરમાગમમંદિર વગેરેનું અવલોકન કરતી વખતે, કાનજીસ્વામી સાથે વાતચીતમાં પ્રસન્નતા બતાવી હતી. તેઓ સમ્મેદશિખર તરફ જઈ રહ્યા હતા ત્યાં વચ્ચે મહેસાણા મુકામે સ્વર્ગવાસ પામી ગયા.
- એદલ્લાબાદ (મહારાષ્ટ્ર) ના ભાઈશ્રી પુનમચંદજી ઝાબક તા. ૧–૧૨–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
- અમદાવાદના ભાઈશ્રી ભોગીલાલ પોપટલાલના સુપુત્ર શાંતિલાલ ભોગીલાલ તા. ૧૭–૧–૭૨ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
- લીલીયાના ભાઈશ્રી મગનલાલભાઈ મહેતા (તેઓ રાજકોટના ભાનુબેન વછરાજના પિતાજી) ઉધના મુકામે તા. ૧૧–૧–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢના સાહિત્યના અભ્યાસનો તેમને ઘણો પ્રેમ હતો, ને સુંદર માર્ગની પ્રશંસા તથા બહુમાન કરતા હતા.
- મણીપુર સમાજના આગેવાન કાર્યકર શ્રી કસ્તુરચંદજી પાટની તા. ૨૭–૧૨–૭૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
- કુણગામના ભાઈશ્રી ગુલાબચંદજીના માતાજી ગતમાસમાં સ્વર્ગવાસ પામ્યા છે. (ગુલાબચંદજી અગાઉ સોનગઢમાં જિનમંદિરના પૂજારી હતા. હાલ હિંમતનગરમાં છે.)
- મુંબઈ મુકામે તા. ૩–૧–૭૨ ના રોજ ભાઈશ્રી જયવંત મગનલાલ ઉદાણી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ત્રણમાસ અગાઉ સોનગઢ ગુરુદેવના ખાસ દર્શન કરવા આવ્યા હતા.

**-સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવગુરુધર્મની છાયામાં આત્મહિત પામો.**

# સાગરમાં જૈન શિક્ષણશિબિર અને ધર્મપ્રભાવના

ગુરુદેવના પ્રતાપે આજે મહાન જ્ઞાનપ્રભાવના થઈ રહી છે. મધ્યપ્રદેશમાં પણ ઠેરઠેર મુમુક્ષુ મંડળદ્વારા સારી જાગૃતી આવેલ છે, ને તત્ત્વજ્ઞાનનો પ્રચાર વધતો જાય છે. ગત સાલ જેમ રાજસ્થાનના જયપુરમાં તત્ત્વજ્ઞાનના શિક્ષણનું મહાન આયોજન થયું હતું તેમ આ સાલ મધ્યપ્રદેશના સાગર શહેરમાં સ્થાનીય જૈનસમાજના ઉત્સાહભર્યા સહકારપૂર્વક શેઠશ્રી ભગવાનદાસજી શોભાલાલજી તરફથી જૈન તત્ત્વજ્ઞાનના શિક્ષણનું મહાન આયોજન થયું હતું. સાગરમાં જાણે મુમુક્ષુઓનો સાગર ઉમટયો હતો. સાગરશહેરમાં જૈનોની વસ્તી ઘણી છે ને અનેક વિશાળ દિગંબર જિનમંદિરો છે. શિક્ષણશિબિરના પંદર દિવસ દરમ્યાન અધ્યાત્મનું વાતાવરણ ફેલાઈ ગયું હતું; અનેક વિદ્વાનો આવ્યા હતા તથા આસપાસના કેટલાક ગામોથી હજારો જિજ્ઞાસુઓ લાભ લેવા આવતા હતા. ધાર્મિક મહોત્સવનું ભવ્ય વાતાવરણ દેખીને સૌને હર્ષ થતો હતો, શિક્ષણશિબિરમાં અલગ અલગ સ્થળોએ મળીને દરરોજ ત્રણ–ચારહજાર જેટલા જિજ્ઞાસુઓ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં ભાગ લેતા હતા. આ પ્રસંગે જિનમંદિરોને પણ શણગારવામાં આવ્યા હતા. અંતિમ દિવસે ઉત્સવની પૂણતાના ઉપલક્ષમાં જિનેન્દ્રદેવની મહાન રથયાત્રા નીકળી હતી. હાથી–ઘોડા–બેન્ડવાજા–કેશરિયા ઝંડા–ઐતિહાસિક ચિત્રો–ભજન મંડળી અને હજારો જનસમૂહના હર્ષનાદથી ગાજતી ભવ્ય રથયાત્રા દેખીને ઘણા કહેતા કે આવી મહાન પ્રભાવશાળી રથયાત્રા સાગરમાં અપૂર્વ છે. ૧૫ દિવસ સુધી સાગરમાં વીતરાગમાર્ગની જે જ્ઞાનગંગા વહી તેની સફળતા માટે શેઠશ્રી ભગવાનદાસજી અને તેમના પરિવારે તન–મન–ધનથી સુંદર આયોજન કર્યું હતું, અને સૌએ પ્રસન્નતા બતાવી હતી તથા ગુરુદેવનો ઉપકાર માન્યો હતો. જૈનધર્મના સાચા પ્રચાર માટે ઠેરઠેર અને વારંવાર આવા તત્ત્વજ્ઞાનના ઉત્સવો જરૂરી છે. આવા તત્ત્વપ્રચારના સફળ આયોજન માટે જયપુરની જેમ સાગરને પણ ધન્યવાદ! (આ ઉપરાંત મધ્યપ્રદેશની બીજા કેટલાય ગામોમાં પણ ઉત્સાહપૂર્વક મુમુક્ષુમંડળ ચાલે છે ને તત્ત્વજ્ઞાનનો સારો પ્રચાર થાય છે.)

## વાંદરો અને સિંહ



આ ચિત્ર સંબંધમાં બોધકથારૂપ લખાણ લખી મોકલવા પાઠકોને નિમંત્રણ આપેલું; નાના-મોટા અનેક જિજ્ઞાસુ પાઠકોએ તે નિમંત્રણ સ્વીકારીને સરસ લેખો લખી મોકલ્યા છે, એક કાવ્ય પણ આવ્યું છે. ચિત્ર દ્વારા સૌએ ભેદજ્ઞાન સંબંધી સરસ કલ્પના કરીને બોધકથા લખી મોકલી છે. ભેદજ્ઞાનના આવા ઉત્તમ સંસ્કારનો પ્રચાર દેખીને 'આત્મધર્મ' ગૌરવ અનુભવે છે. ભેદજ્ઞાનની ભાવનાવાળા આવા પાઠકોનો સમૂહ તે આત્મધર્મની શોભા છે. લેખ મોકલનાર સૌને ધન્યવાદ! કેટલાક લેખ આ અંકમાં આપ્યા છે; બીજા આવતા અંકે આપીશું. ઈનામનો નિર્ણય પણ આવતા અંકે આપીશું. ( -સં. )

## મૂરખ સિંહ અને ચાલાક વાંદરો

આત્મા સિંહ જેવો શૂરવીર છે, પણ તે પોતાને ભૂલીને અજ્ઞાનથી કેવો દુઃખી થાય છે-તે વાત આ બોધચિત્ર આપણને સમજાવે છે.

એક હતો સિંહ; એને ભૂખ લાગી. જંગલમાં એક ઝાડ ઉપર વાંદરો હતો; નીચે તેની છાયા હતી. સિંહને થયું કે મને સરસ શિકાર મળ્યો. એટલે તેણે વાંદરાના પડછાયા ઉપર તરાપ મારી. ત્યારે ડાળી ઉપર ઊંચે બેઠેલો વાંદરો કહે છે કે અરે વનના રાજા! હું તો અહીં ડાળ ઉપર બેઠો

છું. એ પડછાયામાં કાંઈ હું નથી; પડછાયાથી તારું પેટ નહીં ભરાય; માટે નકામી મહેનત ન કર! છાયા ઉપર તું ગમે તેટલા વલખાં માર...તારા હાથમાં કાંઈ આવવાનું નથી.

તેમ જગતનો રાજા, એવો આ ચૈતન્યસિંહ આત્મા, તેને સુખની ભૂખ લાગી છે. તે છાયા જેવા બાહ્યવિષયોમાંથી સુખ લેવા માંગે છે ને તે વિષયો તરફ ઝાંવા નાંખી-નાંખીને દુઃખી થાય છે. ત્યારે સૂર્યના પ્રકાશની જેમ જેને જ્ઞાનપ્રકાશ ખીલ્યો છે, એવા કોઈ સંત તેને સમજાવે છે કે અરે જીવ! સુખ તો તારા આત્મામાં છે; પડછાયા જેવા શરીરમાં કે વિષયોમાં સુખ નથી માટે તું બહારમાં સુખ ન શોધ. બાહ્યવિષયો પ્રત્યે તું ગમે તેટલા વલખાં માર, તેમાંથી તને કદી સુખ મળવાનું નથી.

આ રીતે આ ચિત્ર ભેદજ્ઞાન કરાવીને સુખનો સાચો રસ્તો બતાવે છે.

(લે. ટાટમ શાળાના શિક્ષક શ્રી માત્રાભાઈ એસ. ખાચર)

## ચાલાક સિંહ અને મૂરખ વાંદરો

(બાજુમાં તમે વાર્તા વાંચી, તેમાં જે સિંહ અને વાંદરો હતા, તેના કરતાં આ બીજી કથામાં બીજો વાંદરોને બીજો સિંહ છે. પહેલી કથામાં સિંહ મૂરખ હતો ને વાંદરો ચાલાક હતો, આ બીજી કથામાં વાંદરો મૂરખ છે ને સિંહ ચાલાક છે. ભેદજ્ઞાનરૂપ તાત્પર્ય બંને કથામાંથી સરખું જ નીકળે છે. આ કથા ગુરુદેવના પ્રવચન ઉપરથી લખી છે.)

એક ઝાડ ઉપર વાંદરો રહેતો હતો, ત્યાં એક સિંહ આવ્યો, તે સિંહને વાંદરાના શિકારનું મન થયું. ઊંચે બેઠેલો વાંદરો તેના હાથમાં આવે તેમ ન હતો. પણ સિંહ ચાલાક હતો, તેણે જોયું કે આ મૂરખ વાંદરો નીચેની છાયાને પોતાની જ માની રહ્યો છે! એટલે તેણે વાંદરા સામે જોસથી ગર્જના કરીને નીચે તેની છાયા ઉપર પંજો માર્યો.

છાયા ઉપર પંજો પડતાં વાંદરો તો બી ગયો કે હાય, હાય! સિંહ મને પંજો માર્યો!-એમ ભયભીત થઈને તે નીચે પડયો! પણ મૂરખાને ખબર નથી કે પંજો તો છાયા ઉપર પડયો છે, પોતે તો છાયાથી જુદો (ઝાડ ઉપર) સલામત બેઠો છે.-જુઓ, અજ્ઞાનને લીધે છાયાને પોતાની માનીને મૂરખ વાંદરે પ્રાણ ખોયા.

તેમ જીવની છાયા જેવું આ જડ શરીર, તેના ઉપર રોગાદિ થતાં કે મૃત્યરૂપી સિંહનો પંજો પડતાં, વાંદરાની જેમ મૂરખ અજ્ઞાનીજીવ પોતાનું જ મરણ સમજીને ભયભીત થાય છે કે હાય! હું મરી ગયો, મને રોગ થયો.

પણ ભાઈ, એ તો બધું શરીરમાં છે, તારામાં નહીં. તું તો શરીરથી જુદો અરૂપી-શાશ્વત ચૈતન્યમૂર્તિ છો; ચૈતન્યના ઊંચા ઝાડ ઉપર તારો આત્મા સલામત છે, તારું ચૈતન્યજીવન સલામત છે, તને કોઈ મારી શકે નહીં. આ રીતે આ ચિત્ર એવો બોધ આપે છે કે હે જીવ! તું શરીરથી ભિન્ન આત્માને જાણીને નિર્ભય થા! આત્માનું મરણ જ નથી પછી ભય કેવો?

એક વૈરાગ્યપત્ર-ભાઈશ્રી! જિનશાસનના ભક્તો બહાદૂર હોય છે; વીરના માર્ગે ચાલવાના બહાદૂરને આશ્વાસન તો શું દેવું? આપ હિંમતપૂર્વક કટોકટીના આવા પ્રસંગમાં પણ ધૈર્ય રાખીને, ધર્મ તરફ પરિણામ વાળવાનો પ્રયત્ન કરો, વૈરાગ્યભરેલા ધાર્મિક વિચાર-વાંચનમાં ચિત્ત લગાવો. તે માટે અમારું પ્રોત્સાહન છે. મુમુક્ષુને જીવનમાં કદી હતાશ થવાનું હોતું નથી. ગમે તેવી આંધી કે તુફાન વચ્ચે પણ અડગ રહીને પોતાના આત્મહિતના ધ્યેય પ્રત્યે આગે જ બઢવાનું છે. આવી ક્ષણભંગુરતાના બનાવો સંસારમાં ન બને તો બીજે કયાં બને?

આપણું જૈનશાસન જ એવું છે કે આપણને સદાય વીતરાગતા જ શીખવે છે, જગતમાં વીતરાગતા સિવાય કયાંય શાંતિ છે જ ક્યાં? સ્નેહીજનોના સંયોગ વખતે, કે વિયોગ વખતે, જેટલી તેનાથી ઉદાસીનતા તેટલી જ શાંતિ છે,-અને તેમાં પણ જીવને પરમ શાંતિ ત્યારે જ છે કે જ્યારે તે બધાયથી જુદા, અરે! શરીરથી પણ જુદા, ચૈતન્યતત્ત્વને લક્ષગત કરે.

---

**ધન્ય માહસુદ પાંચમ :** વીસ વર્ષ પહેલાંની માહ સુદ પાંચમ એ એક ભવ્ય આનંદકારી પ્રસંગ હતો...એ દિવસે સોનગઢમાં શેઠ શ્રી વછરાજજી ગંગવાલે બ્રહ્મચર્યાશ્રમનું ઉદ્ઘાટન કર્યું...આશ્રમમાં ભગવાન પધાર્યા...ગુરુદેવ પણ પધાર્યા, ને પ્રવચનમાં રત્નત્રયમાર્ગની આરાધના બતાવતાં ગુરુદેવે કહ્યું કે 'શુદ્ધઆત્માને સ્વસંવેદનથી સ્વજ્ઞેય બનાવીને જે જાણે છે તે રત્નત્રયનો ભક્ત છે. તેની ભક્તિ ભવની છેદક છે.' અહો! એ તો જાણે રત્નત્રયની ભક્તિનો મહોત્સવ હતો. આખોય દિવસ આનંદ-મંગળ-ભક્તિ ચાલ્યા. અહા, કેવો અદ્ભુત હતો એ દિવસ! આજે તો એને વીસ-વીસ વર્ષ વીતી ગયા. વીસ વર્ષથી પૂ. માતાજીની મંગલછાયામાં ઉચ્ચ આત્મધ્યેયપૂર્વક વસતા બધા મુમુક્ષુ બહેનો, શ્રીગુરુપ્રતાપે પોતાના ઉત્તમ ધ્યેય સુધી શીઘ્ર પહોંચે-એવી ભાવના સાથે 'આત્મધર્મની શુભેચ્છા'.

## ‘આજ...આજ...ભાઈ ! અત્યારે’

જીવ પ્રમાદને લીધે ઘણીવાર એમ વિચારે છે કે હજી નાની ઉમર છે, અમુક વર્ષ પછી આત્મહિતમાં જ જીવન વીતાવશું.

પણ ભાઈ ! શું તને લાંબા આયુષ્યની બાંહેધરી છે ? અત્યારે ૨૦ કે ૪૦ વર્ષ છે તો શું ૩૦ કે ૫૦ વર્ષ સુધી આયુષ્ય રહેશે જ–એની તને કોઈ ખાતરી છે ?–ના; તો પછી એવી અનિશ્ચિત વસ્તુના ભરોસે ધર્મને દૂર ન ઠેલ. ૧૫–૨૦ વર્ષની નાની વયમાંય ઘણાંના આયુષ પૂરા થતા દેખીએ છીએ.

વળી, આઠવર્ષ ( ગર્ભકાળ સહિત ) પછી તો ધર્મને માટે તું યોગ્ય ઉમરનો થઈ જ ગયો. આઠવર્ષ થઈ જાય પછી ધર્મને માટે નાની વય ગણાય નહીં. ભલે લાંબુ આયુષ્ય હોય તોપણ તેનો જે સમય ધર્મસાધનામાં વીતે તે જ સફળ છે; બીજા નિષ્પ્રયોજન કાર્યોમાં જીવન વીતે તે તો નિષ્ફળ છે.

માટે, ‘પછી કરીશ’ એવો પ્રમાદભાવ દૂર કરીને, ‘આજે જ અને અત્યારે જ’ ધર્મનો ઉત્સાહભાવ પ્રગટ કર, ને સર્વ ઉદ્યમથી ધર્મમાં પરિણામને જોડ.–જો તને તારા આત્માનો ખરેખરો પ્રેમ હોય તો ! આત્મહિત કરતાં બીજું તો કોઈ ઉત્તમ કાર્ય આ જગતમાં છે નહીં.

## મારું જીવન

‘દેહાંતર’ થાય છે પણ ‘જીવાંતર’ થતું નથી,—એ શું સૂચવે છે ? તે દેહ અને આત્માની ભિન્નતા સૂચવે છે. દેહ તો એક નાશ પામીને બીજો થયા કરે છે, પણ જીવ કાંઈ બીજો નથી થતો, શરીરો બદલવા છતાં જીવ નથી બદલતો, બધા શરીરોમાં એક જ જીવ સળંગ વર્તે છે; તેનો વિચાર કરતાં વિનાશીક દેહથી અવિનાશી જીવનું અત્યંત ભિન્નપણું સમજાય છે.

દેહના નાશથી મારું જીવત્વ કદી નાશ નથી પામતું, દેહ ન હોય તોપણ મારું જીવત્વ ટકી જ રહે છે, એટલે દેહના આધારે મારું જીવન નથી, મારું જીવન તો મારા ચૈતન્યભાવને આધારે છે. દેહ વગર તો હું જીવી શકું છું પણ ચૈતન્યભાવ વગર હું જીવી શકતો નથી.–આ રીતે ચૈતન્યજીવન એ જ મારું જીવન છે.

હું સિદ્ધ થઈશ ત્યારે દેહ વગર એકલા નિરૂપાધિ ચૈતન્યભાવ વડે જ સદાકાળ આનંદમય જીવન જીવીશ. અહા ! એ જીવનનો મહિમા અચિંતત્ય છે...એ સિદ્ધોનો મહિમા વચનાતીત છે; એના સ્વરૂપના ધ્યાનવડે અતીન્દ્રિય વીતરાગી જીવન પ્રગટે છે.–
એ આત્માનું સાચું જીવન છે.

# 卐 પૂ. ગુરુદેવના વિહારનો કાર્યક્રમ 卐

( માહ વદ ૧૩ શનિવાર તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ સોનગઢથી મંગલપ્રસ્થાન )
લાઠી તા. ૧૩-૧૪
અમરેલી તા. ૧૫ થી ૧૯ ફાગણ સુદ ૧ થી ૫ ( ફાગણ સુદ પાંચમે વેદી પ્રતિષ્ઠા )
આંકડિયા તા. ૨૦ રવિવાર; વડિયા તા. ૨૧ થી ૨૪
જેતપુર તા. ૨૫ થી ૨૭; ગોંડલ તા. ૨૮-૨૯
રાજકોટ માર્ચ તા. ૧ થી ૧૫ ( ફાગણ વદ ૨ થી અમાસ )
મોરબી તા. ૧૬ થી ૧૯ ( ચૈત્ર સુદ બીજ તા. ૧૭ મીએ જિનમંદિરની વર્ષગાંઠ )
જામનગર તા. ૨૦ થી ૨૩
વાંકાનેર તા. ૨૪ થી ૨૭ ( ચૈ. સુદ તેરસ તા. ૨૭ મીએ મહાવીરજયંતિ તથા જિનમંદિરની વર્ષગાંઠ )
સુરેન્દ્રનગર તા. ૨૮ થી ૩૦
જોરાવરનગર તા. ૩૧ માર્ચ તથા ૧ એપ્રિલ
લીંબડી એપ્રિલ તા. ૨-૩-૪
વઢવાણ તા. ૫-૬-૭ ( ચૈત્ર વદ આઠમે જિનમંદિરની વર્ષગાંઠ )
અમદાવાદ તા. ૮ થી ૧૩
પાલેજ તા. ૧૪-૧૫ અધિક વૈ. સુદ ૧-૨
અમદાવાદ તા. ૧૬
દહેગામ તા. ૧૭-૧૮; રખિયાલ તા. ૧૯-૨૦
તલોદ તા. ૨૧-૨૨ એપ્રિલ; સોનાસણ તા. ૨૩ રવિવાર.
ઝીંઝવા તા. ૨૪; હિંમતનગર તા. ૨૫-૨૬, નવા તા. ૨૭
ચોરીવાડ તા. ૨૮-૨૯
રણાસણ તા. ૩૦ એપ્રિલ તથા પહેલી મે.
ફત્તેપુર મે. તા. ૨ થી ૧૬ ( પ્રથમ વૈશાખ વદ ૪ થી દ્વિતીય વૈશાખ સુદ ૪ સુધી )
( વૈશાખ સુદ ત્રીજે પંચકલ્યાણક-મહોત્સવ પૂર્વક વેદી-પ્રતિષ્ઠા )
( ફત્તેપુર પછી ઉદેપુર-પ્રતાપગઢ-કુરાવડ-મંદસોર વગેરે અનેક ગામોનો કાર્યક્રમ છે, તેની વિગત હવે પછી આપીશું. )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૦૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) માહ : ( ૩૪૦ )